Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. સંવત ૨૦૦૪.

આત્મ સં. ૫૨

અંક ૮ મો ફાગણ : એપ્રીલ

सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :

आ.श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
को. बा.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ પ્રભુ મહાવીરસ્વામી સ્તવન ... ... | (આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ) | ૧૪૧ |
| ૨ વિશેષાવશ્યક મહાભાષ્ય સ્વોપજ્ઞ ટીકાનું અસ્તિત્વ | (મુનિરાજશ્રી પુણ્યવિજયજી) | ૧૪૨ |
| ૩ ધર્મકૌશલ્ય : ૨ (૪૯–૫૦) ... ... ... ... ... | (મૌક્તિક) | ૧૪૮ |
| ૪ કૃતજ્ઞ બનશો કે કૃતઘ્ન? ... ... | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૧૫૦ |
| ૫ ગાંધીજીને અંજલિ ... ... ... | (ગોવીંદલાલ કકલદાસ પરીખ) | ૧૫૪ |
| ૬ શ્રીમાન યશોવિજયજી ... | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M B B.S.) | ૧૫૫ |
| ૭ આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઇ વખતે ન થઈ ... ... | (સન્માર્ગઇચ્છક) | ૧૫૮ |
| ૮ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... ... | | ૧૫૯ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ... | | ૧૬૦ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. શેઠ રમણલાલભાઇ દલસુખભાઇ ખંભાતવાળા | | પેટ્રન સાહેબ | મુંબઇ |
| ૨. શેઠશ્રી હીરાલાલ અમૃતલાલ | | ,, | ભાવનગર |
| ૩. શાહ પુરષોતમદાસ વીરપાળ | (૧) | લાઇફ મેમ્બર | જોરાવરનગર |
| ૪. શેઠ કરમચંદ જૈન પૌષધશાળા | (૧) | ,, | મુંબઇ |
| ૫. શ્રી અમૃતવિજયજી જૈન પાઠશાળા હાઃ ડો. વલ્લભદાસ નેણશીભાઇ | (૧) | ,, | મોરબી |
| ૬. શેઠ ભુપતરાય પ્રેમચદ ત્રિભુવનદાસ | (૧) | ,, | ભાવનગર |

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં આ માસમાં વધારે થયેલા માનવંતા લાઇફ મેમ્બરો

| | |
|---|---|
| ૧. શાહ સોમચંદ મંગળદાસ | ૨. શાહ અરવિંદરાય પોપટલાલ |
| ૩. દલાલ ઘેલાભાઈ અમરચંદ | ૪. શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ |
| ૫. શાહ ચુનીલાલ ચત્રભુજ B. A. LL. B. | ૬. શ્રી વીર વિદ્યોતેજક સભા લાયબ્રેરી |
| ૭. શ્રી વિજાપુર જૈન વિદ્યાશાળા | ૮. શાહ હરગોવિંદદાસ રામજીભાઈ |
| ૯. શાહ જયંતિલાલ વિઠ્ઠલદાસ | ૧૦. શાહ દીપચંદ જસરાજ |
| ૧૧. ભાવસાર નેમચંદ છગનલાલ ટીમાણીયા | ૧૨. શાહ લલ્લુભાઇ દેવચંદ |
| ૧૩. શાહ છોટાલાલ મગનલાલ | ૧૪. શાહ વૃજલાલ મગનલાલ |

## ૧ વસુદેવહિંડી ગ્રંથ (શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર)

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં શ્રી સંઘદાસગણિ મહારાજે રચના કરેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત

ટા. પા. ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આમંત્રણ પત્રિકા.

## પરમપૂજ્ય ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી( આત્મારામજી )મહારાજની (જન્મ) જયન્તી.

## મહોત્સવ.

પરમપૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજની જયન્તી મહોત્સવ શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ચૈત્ર શુદ ૧ તા. ૧૦-૪-૪૮ ને શનિવારના રોજ રાધનપુરનિવાસી શેઠ શ્રી **સકરચંદભાઈ મોતીલાલ મૂળજી** તરફથી મળેલી આર્થિક સહાયવડે આ સભા તરફથી ઉજવવાનો હોવાથી, દરવર્ષ મુજબ શ્રી સિદ્ધાચળજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવની મૂર્તિ બિરાજમાન છે, તે સ્થળે પૂજા ભણાવવામાં આવશે, તેમજ શ્રી આદિનાથ પ્રભુ તથા ગુરુદેવની સુંદર આંગી રચાવવા વગેરે કાર્યોથી દેવગુરુભક્તિ કરવામાં આવશે અને બપોરના ત્રણ વાગે સભાસદ બંધુઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવશે. ફાગણ વદી અમાસ શુકરવારના રોજ બપોરની ટ્રેનમાં પાલીતાણા જવાનું છે જેથી આપ સર્વ સભાસદ બંધુઓને પધારવા આમંત્રણ છે.

લી૦ સેવકો,

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**
**શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ**
**શેઠ જાદવજી ઝવેરભાઈ**
સેક્રેટરીઓ,-શ્રી જૈન આત્માનંદ—સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી રમણુલાલભાઈ દલસુખભાઇનો જીવન પરિચય.

રળીયામણી ગુજરાતમાં ખંભાત શહેર પૂર્વકાળમાં વહાણુવટું અને વ્યાપાર-વાણિજ્યનું કેન્દ્ર ( એશીયા-યુરોપના અનેક દેશો સાથે અનેક જાતના વ્યાપારોના માલની આવકજાવક કરતું ) એક પ્રખ્યાત સુંદર બંદર હતું. ગુર્જરનરેશ ભીમદેવના વખતમાં બીજા નંબરની રાજ્યધાની અને ગુજરાતનું મુખ્ય બંદર અને સુવિખ્યાત શહેર હતું. અલૌકિક ચમત્કારિક અને પ્રભાવશાલી શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુના પ્રાસાદવડે તીર્થસ્થાન, જૈન પ્રાચીનભંડારવડે ગૌરવવંતુ અને જૈન શ્રીમંત, નિષ્ણાત વ્યાપારીઓ, વિદ્વાન પ્રભાવક આચાર્યો, જૈન દંડનાયકો અને અનેક જૈન શ્રીમંત દેવ, ગુરુ, ધર્મના ઉપાસક કુટુંબવડે જાહોજલાલી ભોગવતું જૈનપુરીનગર કહેવાતું હતું. વંશપરંપરાથી ચાલ્યા આવતા દેવ, ગુરુ અને ધર્મના ઉપાસક, શ્રદ્ધાળુ કુટુંબ શેઠ અમરચંદ પ્રેમચંદના કુટુંબના નબીરા શેઠ કસ્તુરભાઈ અમરચંદના સુપૌત્ર **શેઠશ્રી રમણુલાલભાઈ દલસુખભાઇનો** જન્મ ૩૪ વર્ષ પહેલાં થયો હતો. જન્મથી સંસ્કાર, શ્રદ્ધા અને લક્ષ્મી વારસામાં જ મળેલાં હતા.

વ્યવહારિક, ધાર્મિક તાલીમ મેળવી મેટ્રીક સુધી અભ્યાસ કરી ખંભાતમાં શેઠ કસ્તુરભાઇ અમરચંદ અને મુંબઇમાં શેઠ છગનલાલ કસ્તુરચંદની પેઢીમાં પંદર વર્ષથી શ્રીયુત રમણુભાઇ સંચાલક બન્યા. બંને પેઢીની પ્રતિષ્ઠા, વ્યાપાર અને લક્ષ્મીની સફળતાપૂર્વક વૃદ્ધિ કરી. લક્ષ્મીની વૃદ્ધિ સાથે પણ જૈન દર્શનની આરાધનની પણ વૃદ્ધિ થઇ. ખંભાતમાં ગૃહમંદિરમાં શ્રી સુમતિનાથ જિનેશ્વર ભગવંતની પૂજા, ધર્મગુરુઓનું વ્યાખ્યાનશ્રવણ, વૈયાવચ્ચ, બહુમાન એ તો આ કુટુંબનો નિરંતરનો વ્યવસાય જ હતો. આખું કુટુંબ જૈન સંસ્કાર સહિત હોવાથી તેમના પ્રિય **વિમલાબ્હેને** ચૌદ વર્ષની વયે જ **પ્રવ્રજ્યા લીધી** છે.

શેઠ રમણુભાઈની બાહોશ વ્યાપારી તરીકેની પ્રતિષ્ઠા અને ખાનદાની જાણી ખંભાતના નવાબ સાહેબે ચાર વર્ષ પહેલાં **"ताज़ीमी सरदार"** નો માનવંતો ઇલકાબ આપ્યો હતો.

પરમાત્માની ભક્તિ પર પ્રેમ હોવાથી સંગીતના જ્ઞાનપૂર્વક પૂજા ભણાવવામાં તલ્લીનતા એટલી બધી દેખાય છે કે સાંભળનારને મુગ્ધ બનાવી દે છે.


ખંભાત જૈન શાળાનાં અગ્રેસર, મુંબઈ જૈત સંઘના અનેક ધાર્મિક કાર્યોમાં પણ અગ્રભાગ લઇ સેવા કરે છે. તેમના મારફત શેઠ છગનલાલ કસ્તુરચંદના વહીવટ તરફથી પુષ્કળ ધાર્મિક સખાવતો થયેલી છે અને થાય છે. સ્વતંત્ર રીતે પણ અનેક ગુપ્ત સખાવતો પણ કરે છે.

જૈન નરરત્ન શેઠશ્રી રમણુલાલભાઇ આ સભાની કાર્યવાહી, દેવ, ગુરુ, જ્ઞાન-ભક્તિ, સુંદર પ્રાચીન સાહિત્યોદ્ધારના વગેરે કાર્યો જાણી આ સભાના માનવંતા પેટ્રનનું પદ સ્વીકારે તે પણ સભાની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થતાં એક ગૌરવનો વિષય હોઈ સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે. છેવટે શેઠ રમણુલાલભાઈ દીર્ઘાયુ થઈ દેવ, ગુરુ, ધર્મની ભક્તિ સાથે આધ્યાત્મિક, શારીરિક, આર્થિક લક્ષ્મી વધારે વધારે મેળવે તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠશ્રી હીરાલાલ અમૃતલાલ શાહ બી. એ. ભાવનગર અને મુંબઈ.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી હીરાલાલ અમૃતલાલનો જીવન પરિચય.

શેઠ પુરુષોત્તમદાસ હેમજી જેઓ શહેર ભાવનગરમાં જૈન સંઘમાં એક અગ્રગણ્ય પુરુષ અને પરમાત્માની પૂજા અને ભક્તિ માટે અનન્ય પ્રેમ ધરાવનાર શ્રાવક કુલ ભૂષણ પુરુષ હતા. તેવા શ્રદ્ધાળુ પુરુષના સુપૌત્ર તરીકે શ્રીયુત હીરાલાલભાઈનો જન્મ થયો હતો. ભાઈશ્રી હીરાલાલને ઉત્તમ સંસ્કાર, લક્ષ્મી અને શ્રદ્ધા વારસામાં મળ્યા હતા. તેટલું જ નહિ પરંતુ સરસ્વતી અને લક્ષ્મીનો સુમેળ પણ જીવનમાં સાથે જ પ્રાપ્ત થયો હતો.

પિતાશ્રી અમૃતલાલભાઇને દેવભકિત, સ્વામીભક્તિ પણ જીવનમાં સાથે પ્રાપ્ત થઇ હતી. અને મુંબઇ શહેરમાં 'એક નિષ્ણુાત કાપડના વ્યાપારી તરીકે પ્રસિદ્ધ થતાં વ્યાપાર અને લક્ષ્મીનો સુયોગ સાંપડ્યો હતો. ભાઇ હીરાલાલે વ્યાપાર વાણિજ્યમાં પિતાની નિશ્રાયે નિષ્ણુાતપણું પ્રાપ્ત કરી, કાપડના વ્યાપારની વૃદ્ધિ સાથે શહેર મુંબઇમાં "વસંત વિજય" મીલ ઉભી કરી ઉદ્યોગપતિ પણ થયા છે. પિતામહની દેવ ભક્તિના પ્રતિક તરીકે ભાવનગરથી છ માઇલ પર વરતેજ ગામમાં શ્રી **સંભવનાથ જિનેશ્વર**નું સુંદર મંદિર બંધાવેલ છે જે આજે તીર્થરૂપ ગણાય છે. તથા પૂજ્ય પિતાશ્રીની ઇચ્છા મુજબ યાત્રાળુઓને રાહત તરીકે અત્રે સ્ટેશન ઉપર સુંદર ધર્મશાળા બનાવી તે વગેરેનો વહીવટ પણ યોગ્ય રીતે ભાઇ હીરાલાલ કરી રહ્યા છે.

ભાઇશ્રી હીરાલાલ બી. એ. થએલા હોઇ શિક્ષણ પ્રેમી હોવાથી અત્રે દક્ષિણામૂર્તિ ભવનમાં, બાલમંદિર તથા દાદાસાહેબ જૈન બોર્ડીંગમાં, શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તેમજ સાર્વજનિક કાર્યો સારનાથનાં બુદ્ધમંદિરમાં, ગુજરાત વિદ્યાપીઠ વગેરેમાં પણ યોગ્ય સખાવતો કરી છે. તેઓ જ્યોતિષ શાસ્ત્ર અને પ્રાચીન શોધખોળ એ તેમનાં જીવનનાં પ્રિય વિષયો છે. પોતાના પુત્રો, પુત્રીઓને પણ સારી કેલવણી આપી છે. ભાઇ હીરાલાલ કુશલ વ્યાપારી, ઉદ્યોગપતિ સાથે એક વિચારક અને સારા અભ્યાસી પણ છે, તેવા એક પુરુષ આ સભાના પેટ્રન થતાં સભાની પ્રતિષ્ઠા અને ગૌરવની વૃદ્ધિ થયેલી ગણાય છે.

ભાઇશ્રી હીરાલાલ દીર્ઘાયુ થઇ આત્મિક, આર્થિક, શારીરિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. ફાગણ. પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૪. :: તા. ૧ લી એપ્રીલ ૧૯૪૮ :: અંક ૮ મો

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજરચિત-

## પ્રભુ મહાવીરસ્વામી સ્તવન

( રાગ માલકોશ )

પ્રભુ વીર જિનંદ દયાલ લાલ, મુજ નજરે ભાલ મે હોવું નિહાલ,
કાલ અનંત ગયો મુજ સ્વામી, લાલ ન મિલિયો અંતરજામી;
કર કરુણા મુજ નજર નિહાલ ॥ પ્ર૦ ॥ ( ૧ )

એકેન્દ્રિ બેઇન્દ્રિ ભમિયો, તેઇન્દ્રિ ચઉરિન્દ્રિ રૂલિયો,
જહાં હુવો મે હાલ બેહાલ ॥ પ્ર૦ ॥ ( ૨ )

પુણ્ય ઉદય પંચેન્દ્રિ પાયો, મિથ્યાત્વમે સમય ગુમાયો,
કીનો નહી જરા તુમરો ખ્યાલ ॥ પ્ર૦ ॥ ( ૩ )

જિમ તિમ કરી ગુરુદેવ પિછાણ્યો, ધરમારાધન મે ચિત્ત આણ્યો,
કીજે સહાય કિંચિત કૃપાલ ॥ પ્ર૦ ॥ ( ૪ )

સ્વધર્મે નિધનં શ્રેય જાણે, ભયાવહ પરધર્મ કો માને,
તૂટે તબ સબ કર્મજાલ ॥ પ્ર૦ ॥ ( ૫ )

આતમ લક્ષ્મી હર્ષ મનાવે, પર ઘર છોર નિજ ઘરમે આવે,
લેવે વલ્લભ નિજ લાલ સંભાલ ॥ પ્ર૦ ॥ ( ૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु वीतरागाः ॥

# વિશેષાવશ્યકમહાભાષ્યસ્વોપજ્ઞ ટીકાનું અસ્તિત્વ.

આજના લેખનું મંગળસ્વરૂપ શીર્ષક વાંચીને માત્ર જૈન જગત જ નહિ, કિન્તુ **વિશેષાવશ્યક મહાભાષ્ય** ગ્રંથનું ગૌરવ સમજનાર જૈનેતર જગત પણ આનંદમગ્ન થશે, એમાં લેશ પણ શંકાને સ્થાન નથી. આજ પર્યંત ભગવાન્ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણકૃત વિશેષાવશ્યક મહાભાષ્ય ઉપરની સ્વોપજ્ઞ ટીકા નષ્ટ થયાની જ માન્યતા પ્રચલિત હતી, પરંતુ તપાસને પરિણામે એ ગ્રંથની સ્વોપજ્ઞ ટીકા વિદ્યમાન છે અને એને જોવા આપણે સૌ નસીબદાર છીએ એ પ્રસ્તુત લેખથી દરેકને ખાત્રી થશે. સાથે સાથે એ જાણીને દરેકને દિલગીરી પણ થશે કે–પ્રસ્તુત ટીકાને છઠ્ઠા ગણધરની વક્તવ્યતા સુધી પહોંચાડીને ભગવાન્ શ્રીજિનભદ્રગણિ સ્વર્ગવાસી થઇ ગયા છે; છતાં ય આપણું પરમ સૌભાગ્ય છે કે એ અપૂર્ણ ટીકાને **શ્રીકોટ્ટાર્યવાદ ગણિ મહત્તર** મહારાજે પૂર્ણ કરી છે.

પ્રસ્તુત સ્વોપજ્ઞ ટીકાની શરૂઆતમાં શ્રીક્ષમાશ્રમણ ભગવાને મંગલાચરણ કે અવતરણ આદિ જેવો કશો ય ઉલ્લેખ કર્યો નથી તેમજ તેઓ**શ્રી** પોતાની ટીકાને રચતાં એકાએક સ્વર્ગવાસી થએલ હોવાથી પ્રશસ્તિ કે પુષ્પિકા જેવો ઉલ્લેખ પણ આપણને મળી શકે તેમ નથી. અસ્તુ. સૌ પહેલાં આપણે ક્ષમાશ્રમણકૃત સ્વોપજ્ઞ ટીકાનો પ્રારંભનો અંશ જોઇએ.

॥ र्द० ॥ ॐ नमो वीतरागाय ॥

**कयपवयप्पणामो वुच्छं चरणगुणसंगहं सयलं ।**
**आवस्सयाणुओगं गुरूवएसाणुसारेणं ॥ १ ॥**

**प्रोच्यन्ते ह्यनेन जीवादयः अस्मिन्निति वा प्रवचनम् । अथवा प्रगतं प्रधानं शस्तमादौ वा वचनं द्वादशांगम् । अथवा प्रवक्तीति प्रवचनम् । तदुपयोगानन्यत्वाद्वा संघः प्रवचनम् । प्रणमनं प्रणामः पूजेत्यर्थः, कृतः प्रवचनप्रणामोऽनेन कृतप्रवचनप्रणामः । 'वोच्छं' वक्ष्ये । चर्यते तदिति चरणं चारित्रम् गुणाः मूलोत्तरगुणाः चरणगुणाः । अथवा चरणं चारित्रम् गुणग्रहणात् सम्यग्दर्शनज्ञाने । तेषां संग्रहणं संग्रहः । सह कलाभिः सकलः संपूर्ण इत्यर्थः । अस्ति ह्येतद्-देशगृहीतत्वाद् वे( वि )कलोऽपि संग्रहः, अयं तु समस्तग्राहित्वात् सकलः । कथम् ? सामायिके एव द्वादशांगार्थपरिसमाप्तेः । वक्ष्यते च—"सामाइयं तु तिविहं सम्म सुयं तहा चरित्तं च ।" इत्यादि । किं च सम्यग्दर्शनादित्रयेण न संगृहीतम् ? अतः सकल इति । तम् चरणगुणसंगहं सयलं । कश्चासौ ? आवश्यकानुयोगः । अवश्यक्रियानुष्ठानादौ आवश्यकम्, अनुयोजनमनुयोगः अर्थव्याख्यानमित्यर्थ, आवश्यकस्यानुयोगः आवश्यकानुयोगः तम् आवश्यकानुयोगम् । गृणंति शास्त्रार्थमिति गुरवः, ब्रुवन्तीत्यर्थः, ते पुनराचार्याः अर्हदादयो वा, तदुपदेशः तदाज्ञा गुरूपदेशानुसारः, गुरूपदेशानुवृत्तिरित्यर्थः, तया गुरूपदेशानुवृत्त्या गुरूपदेशानुसारेणेति ॥ तस्स फल० गाहा ॥**

[ प्रवर्त्तक प्रति पत्र १ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કહેવાઇ જ ગયું છે કે ભગવાન શ્રીજિનભદ્ર ક્ષમાશ્રમણ, ટીકાની રચના કરતાં એકાએક સ્વર્ગવાસી થઇ ગયા છે; એટલે તેનો ઉપસંહાર, પુષ્પિકા કે પ્રશસ્તિ આપણને મળી શકે તેમ નથી. આ સ્થિતિમાં પ્રસ્તુત ટીકાના રચયિતા ભગવાન શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે કે હતા એ હકીકત આપણને તેમના પોતાના શબ્દોમાં મળી શકે તેમ નથી, પરંતુ એ હકીકત આપણને ઉપરોક્ત ટીકાને પૂર્ણ કરવાનું મહાન પુણ્ય કાર્ય કરનાર ભગવાન શ્રી**કોટ્ટાર્યવાદિગણિ મહત્તરના** ટીકાનુસંધાનના પ્રારંભિક અંશમાંથી મળી શકે છે, જે અંશ આ નીચે આપવામાં આવે છે—

**ण ह वइ० गाहा ॥** सौम्य ! " न ह वै [ स ]शरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वाव सन्तं प्रियाप्रिये न स्पृशतः " इत्येषां च वेदपदानां न वाक्यार्थमवबुध्यते भवान् अतः संशेते किमिह बन्धमोक्षौ स्यातां न वेति । न चेह संशयोऽनुरूपस्ते, यतो निष्पष्टमेवेदमुच्यते–सशरीरस्येति । बाह्याध्यात्मिकानादिशरीरसंतानमयो बन्धः । तथाऽशरीरं वाव सन्तमित्यशेषशरीरापगमस्वभावो मोक्ष इति ॥ **छिण्णम्मि० गाहा ॥**

निर्माप्य षष्ठगणधरवक्तव्यं किल दिवंगताः पूज्याः ।
अनुयोगमार्यदेशिक[1]( ? ) **जिनभद्रगणि**क्षमाश्रमणाः ॥ छ ॥
तानेव च प्रणिपत्यातः परमवि( व ? )शिष्टविवरणं क्रियते ।
**कोट्टार्यवादिगणिना** मन्दधिया शक्तिमनपेक्ष्य ॥ १ ॥
संघटनमात्रमेतत् स्थूलकमतिसूक्ष्मविवरणपदस्य ।
शिवभक्त्युपहतलुब्धकनेत्रवदिदमननुरूपमपि ॥ २ ॥
सुमतिस्वमतिस्मरणादर्श[2]( ? )परानुवचनोपयोगवेलायाम् ॥
मद्वदुपयुज्यते चेद्, गृह्णन्त्वलभा( सा )स्ततोऽन्येऽपि ॥ ३ ॥

अथ सप्तमस्य भगवतो गणधरस्य वक्तव्यतानिरूपणसम्बन्धनाय गाथाप्रपंचः—**ते पव्वइए सोउं० । आभट्ठो य० । किं मण्णे अत्थि देवा० । तं मण्णसि णेरयिता० । सच्छंदचारिणो पुण० ।** हे मौर्यपुत्र ! आयुष्मन् काश्यप ! त्वं मन्यसे–नारकाः संक्लिष्टासुरपरमाधार्मिकायत्ततया कर्मवशतया परतन्त्रत्वात् स्वयं च दुःखसंप्रतप्तत्वाद् इहाऽऽगन्तुमशक्ताः, अस्माकमप्यनेन शरीरेण तत्र गन्तुं कर्मवशतयैवाशक्तत्वात् प्रत्यक्षीकरणोपायासम्भवादागमगम्या एव श्रुति–स्मृति ग्रंथेषु श्रूयमाणाः श्रद्धेया भवन्तु; ये पुनरमी देवा ते स्वच्छन्दचारिणः कामरूपाः दिव्यप्रभावाश्च किमिति दर्शनविषयं नोपयान्ति ? किमिह नाऽऽगच्छन्तीत्यभिप्रायः, अवश्यं न सन्ति, येनास्मादृशानां प्रत्यक्षा न भवन्ति अतो न सन्ति देवाः,

१ " अनुयोगमार्गदेशक " એવો પાઠ અહીં સંભવે છે.

२ " सुमतिः स्मरणादर्शः " એવો પાઠ અહીં સંગત લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अस्मदाद्यप्रत्यक्षत्वात्, खरविषाणवत् श्रूयंते च श्रुत्यादिषु, तद् आगमप्रामाण्यादनुमानगम्यत्वाद्वा परमाण्वादिवत् किं सन्तीति। एवं भवतो देवेषु संशयः। मा कुरु संशयम् ॥ अथादृष्टाश्रुतनामगोत्राभिभाषण–हृदयस्थार्थप्रकटीकरणविस्मापनानंतरं देवाभावप्रतिपादकहेतोरसिद्धतोद्भावनार्थं प्रत्यक्षप्रमाणसिद्धतां प्रकाशयन् भगवानाह—मा० गाहा।

(प्रवर्त्तकप्रति पत्र ८१-८२)

ઉપર ભગવાન્ શ્રીકોટ્ટાર્યવાદિગણિએ પૂર્વટીકાકાર શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણના નામનો અને એ અપૂર્ણ ટીકાના અનુસંધાનકાર તરીકે પોતાના નામ આદિનો જે નિર્દેશ કર્યો છે તે નોંધવામાં આવ્યો છે. આ ઉલ્લેખથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે–ભગવાન્ શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક મહાભાષ્યની ટીકા પૂર્ણ નથી કરી, પરંતુ છઠ્ઠા ગણધરની વ્યાખ્યા સુધી જ તે થઇ શકી છે—થઈ છે. અને તે સમય દરમિઆન તેઓશ્રી સ્વર્ગવાસી થયા છે.

ઉપર જે ઉલ્લેખ નોંધવામાં આવ્યો છે તેમાં શ્રીકોટ્ટાર્યવાદિગણિ મહારાજ મહત્તર હતા તેવો ઉલ્લેખ જો કે નથી, પરંતુ પ્રસ્તુત ટીકામાં તેમણે બે ઠેકાણે પોતે મહત્તર હોવાની સાબિતી આપતા ઉલ્લેખો કરેલા છે. એક નમસ્કારની વ્યાખ્યા પૂર્ણ થાય છે ત્યાં અને બીજો ગ્રંથને અંતે—

१. धर्मकथादिवदिति नमस्कारनिर्युक्तिभाष्यव्याख्यानं समाप्तम् ॥ छ ॥ ॥ कृतिः कोटार्यवादिगणिमहत्तरस्य ॥ अथ सूत्रस्पर्शिकनिर्युक्तिः क्रमप्राप्ता, तस्याः संबंधार्थं गाथा। कयपंचणमोक्कारो० इत्यादि। [प्रवर्त्तकप्रति पत्र १७०]

२. सव्वाणुओगमूलं भस्सं सामाइयस्स णाऊण।
होइ परिकम्मियमई जोग्गो सेसाणुओगस्स ॥

सर्वसूत्रार्थकन(म)यस्य अनुयोगस्य मूल(लं) कारणं भाष्यं सामायिकस्य गाथानिबद्धं 'ज्ञात्वा' गुरूपदेशात् स्वयं वा शब्दार्थन्यायसिद्धान्तप्रावीण्यादवगम्ये(म्य अ)र्थम्, अनेन परिकर्मितबुद्धिर्योग्यो भवति सामायिकानुयोगव्यतिरिक्तस्य शेषानुयोगस्य श्रवणेऽनुप्रवचने चेति। परमपूज्यजिनभद्रगणिक्षमाश्रमणकृतविशेषावश्यकप्रथमाध्ययनसामायिकभाष्यस्य विवरणमिदं समाप्तम् ॥ छ ॥ सूत्रकारपरमपूज्यश्रीजिनभद्रगणिक्षमाश्रमणप्रारब्धा समर्थिता [1]श्रीकोट्टाचार्यवादिगणिमहत्तरेण श्रीविशेषावश्यकलघुवृत्तिः ॥ छ ॥ [प्रवर्त्तक प्रति पत्र १८६]

ઉપર કોટ્ટાર્યવાદિગણિ મહત્તરશ્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે પોતે જે ટીકા રચી છે તે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણશ્રીની અપૂર્ણ ટીકાના અનુસંધાનરૂપે છે. એટલે આ ટીકાનો છઠ્ઠા ગણધરવાદ સુધીનો પૂર્વ અંશ અને અંશ જ ભગવાન્ શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણવિરચિત છે એ નિર્વિવાદ છે.

૧ અહીં પ્રતિમાં कोट्टाचार्य છે પણ એ લેખકની ભૂલથી જ લખાએલ છે. વાસ્તવિક રીતે कोट्टार्य જ હોવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે વિશેષાવશ્યકમહાભાષ્યની સ્વોપજ્ઞ અપૂર્ણ અથવા ખંડટીકાનું અસ્તિત્વ અને તેને કોટ્ટાર્યવાદિગણિમહત્તરે પૂર્ણ કર્યાનું જાણ્યા પછી, કોટ્યાચાર્યકૃત ટીકા સહ મુદ્રિત થયેલી વિશેષાવશ્યક-મહાભાષ્યટીકાના પ્રણેતા કોટ્યાચાર્ય કોણ અથવા કયા ? એ આદિ અનેક પ્રશ્નો આપણા સામે આવીને ઊભા રહે છે. ખાસ કરી મુદ્રિત ટીકાના આધારે પૂજ્યપાદ પ્રાવચનિકાચાર્ય શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ ઉપરોક્ત મુદ્રિત ટીકાની પ્રસ્તાવના-માં અને શ્રીમાન્ મુનિજી શ્રીજિનવિજયજીએ જીતકલ્પચૂર્ણિની પ્રસ્તાવનામાં પોત-પોતાનાં મંતવ્યોના સમર્થનમાં જે અનેકવિધ અનુમાનો દોર્યાં છે, તેમને તો એ અંગે નવેસર જ ઊહાપોહ કરવાનો ઊભો રહે છે. અસ્તુ, એ ગમે તે હો, અહીં આપણે પ્રસંગોપાત સ્વો-પજ્ઞટીકા અંગે કેટલુંક અવલોકન અને વિચાર કરી લઇએ.

મુદ્રિત કોટ્યાચાર્યીય વિશેષાવશ્યક ટીકામાં અને મલધારી આચાર્યકૃત ટીકામાં સ્વો-પજ્ઞટીકાને નામે જે જે ઉલ્લેખો આવે છે તે બધાય પ્રસ્તુત સ્વોપજ્ઞ ટીકાઅંશમાં અક્ષરશઃ છે. ઉ. તરીકે મુદ્રિત કોટ્યાચાર્ય ટીકાના પત્ર २४५-२६५-२८२ માંના ક્ષમાશ્રમણકૃત ટીકાના ઉલ્લેખો અનુક્રમે લિખિત પ્રવર્તકજી મહારાજશ્રીની પ્રતિના પત્ર ૩૩-૩૫-૩૮ માં છે. મુદ્રિત પત્ર ૩૫૮ માં શ્રીમાન્ કોટ્યાચાર્યે '**पूर्वलब्धसम्यक्त्वादित्रयाः सूक्ष्मसम्परायादयः**' **इति पूज्यपादाः** આ પ્રમાણે ઉદ્ધરેલ પાઠ લિખિત પ્રવર્તક પ્રતિમાં પત્ર ૫૩ માં છે.

આ ઉપરાંત પત્ર ૫૯૪ માં **श्रीमत्क्षमाश्रमणपूज्यपादानामभिप्रायो लक्षणीयः तथाहि** આ પ્રમાણેનો સ્વોપજ્ઞટીકા અંશની ભ્રાન્તિ પેદા કરતો જે પાઠ છે એ આખો પૂર્વપક્ષ ઉત્તરપક્ષને લગતો પાઠ ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકામાં નીચે મુજબ છે—

अथवा कश्चिदाह—**मुत्तो करणाभावादित्यादि** । अज्ञानी मुक्तः, अकरणत्वात्, आकाशवत् । नन्वेवं धर्मिस्वरूपविपर्ययसाधनाद् विरुद्धः, आकाशवदजीवोऽपि मुक्तः प्राप्नोति, एतस्मादेव हेतोरिति । एवमाचार्येणोक्ते परः किल प्रत्याह—भवतु तन्नाम, नामेत्यभ्यनुज्ञायाम्, अजीवो नाम मुक्तो भवतु, न कश्चिद्दोषः, एषोऽस्याभिप्रायः—विरुद्धोऽसति बाधने तन्नामो-(मा)जीवत्वमिष्टमेवेति सिद्धसाधनाद् विरुद्धाभाव इति । ननु चैवमाह—तस्याब्रुवाणस्य स्वतोऽभ्युपगमविरोध इति बाधने सति कथं विरुद्धता चोद्यते ? सर्वत्र च विरुद्धानैकान्तिकत्वेषूभयसिद्धस्य परिग्रह इति न्यायलक्षणात्; मा वाऽत्र परिहारगाथा—दव्वामुत्तत्त-सहावजातितो तस्स दूरविवरीयं । ण हि त(ज)च्चंतरगमणं जुत्तं णभसो व जीवत्तं ॥ इयमप्यसम्बद्धा, यतः परेणैवं चोदिते एषा युज्यते वक्तुम्, न स्वयं चोदिते विरुद्धे, तत् कथमेतद्गमनीयं पूज्यक्षमाश्रमणपादानामभिप्रायो लक्षणीयः ? उच्यते—परस्यापि जीवपदार्थ-श्चाजीवपदार्थश्चेत्युभयं विद्यते, जीवः संसारी मुक्तश्चेति द्वेधा, तस्य मुक्तस्याजीवत्वापादनम-निष्टमेव परस्यैकान्तवादिनः, पदार्थसंकरापत्तिभयात्, तस्याजीवत्वमभ्युपगम एव विरोधः, तत्तश्चासति बाधने विरुद्धचोदनेति युक्तमेवाचार्येण भण्यते, स्वयमार्हतस्याभ्युपगमविरोधा-भावात्, परस्य च जीवपदार्थस्याजीवप्राप्तेरनिष्टापादनात् कदाचित् सर्वात्मगुणहाने सिद्धत्व-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्राप्तावजीत्ववमेवेत्युपर(?) इति तन्निवारणार्थमियं गाथा युज्यते दव्वामुत्तत्तसहावजातितो०।
[ प्रव० पत्र ९२-९३ ]

આચાર્ય શ્રીમલધારીએ મુદ્રિત પત્ર ૨૭૪ માં **क्षमाश्रमणपूज्यैश्च ' थीणद्धि ' इत्यादि गाथायामित्थं व्याख्यातम् " स च किल जघन्योऽनन्तभागः " इत्यादि** આ પ્રમાણે જે ક્ષમાશ્રમણીય ટીકાનો ઉલ્લેખ કર્યો છે તે લિખિત પ્રતિના પત્ર ૨૯ માં છે. તેમજ **मूलटीकाकृत्**ના નામથી જે મનઃપર્યાયજ્ઞાનના દર્શન વિષે ચર્ચા કરી છે તે લિખિત પ્ર૦પ્રતિના પત્ર ૩૫ માં છે. શ્રીમલધારીએ પત્ર ૨૦૮ માં **वृद्धटीकाकार**ના નામનો ઉલ્લેખ કર્યો છે તે ક્ષમાશ્રમણશ્રી માટે કે તેમની ટીકા માટે નથી. મુદ્રિત મલધારી ટીકાના પત્રં ૧૧૦૬ માં **संव्यवहारराशिगत-विशेषणं चेह पूर्वटीकाकारैः कृतम्** એમ લખ્યું છે. આ ઉલ્લેખ ક્ષમાશ્રમણ મહત્તરીય ટીકામાં નથી, પરંતુ એ ઉલ્લેખ હારિભદ્રીયા અને કોટ્યાચાર્યીયા ટીકામાં જરૂર છે. ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકામાં તો આ રીતે પાઠ છે.

**अथ एषामेव चतुर्णां सामायिकानां किं केन जीवेन स्पृष्टपूर्वं प्राप्तपूर्वमित्यर्थः, अत उच्यते—सव्वजीवेहिं सुयं०। श्रुतज्ञानं मिथ्यादृष्टिरपि लभते इति सर्वजीवैरनन्तेन कालेन श्रुतसामायिकं लब्धपूर्वमिति सुखमेवोच्यते।** આ પાઠમાં **संव्यवहारराशि** વિશેષણ છે જ નહિ, એટલે પૂર્વટીકાકાર શબ્દનો અર્થ સામાન્ય રીતે ' આવશ્યકસૂત્ર આદિ ઉપર ટીકા કરનાર આચાર્યો જ ' સમજવાનો છે.

શ્રીમાન્ કોટ્યાચાર્યે પણ પોતાની ટીકામાં જે **टीका, मूलटीका, आवश्यकमूलटीका** વગેરે ઉલ્લેખો કર્યા છે એ બધાય આવશ્યકસૂત્રનિર્યુક્તિ ઉપરની હારિભદ્રીયા ટીકા, ચૂર્ણી આદિને લક્ષીને જ છે એમ માનવું જોઈએ.

## ક્ષમાશ્રમણ-મહત્તરીયા ટીકા.

પ્રસ્તુત ઉપલબ્ધ ક્ષમાશ્રમણપ્રારબ્ધ અને કોટ્ટાર્યવાદિગણિમહત્તરે પૂર્ણ કરેલી ટીકાને આપણે ક્ષમાશ્રમણ-મહત્તરીયા ટીકા તરીકે ઓળખવી એ વધારે સગવડભરેલી વસ્તુ છે. ભાષ્યગાથાની સંખ્યાના મુકાબલે પ્રસ્તુત ટીકાનો અર્ધા કરતાં કાંઇક વધારે પૂર્વભાગ શ્રીક્ષમાશ્રમણ ભગવાને રચેલો છે અને તે પછીનો સમગ્ર ઉત્તરભાગ શ્રીમહત્તરશ્રીનો છે. ક્ષમાશ્રમણશ્રીની ટીકાનું સ્વરૂપ સંક્ષિપ્ત હોઈ તેમની પૂર્વ અંશની ટીકા લગભગ ૪૫૦૦ શ્લોક જેટલી છે, જ્યારે મહત્તરશ્રીની ટીકા સહજ વિસ્તાર પામતી હોઈ પછીનો અંશ લગભગ ૫૭૫૦ શ્લોક જેટલો છે, એકંદર ટીકાનું પ્રમાણ અનુમાન ૧૦૨૫૦ શ્લોક જેટલું છે. છેવટે દસ હજારથી તો ઓછું નથી જ.

પ્રસ્તુત ટીકાને કોટ્ટાર્ય ભગવાને લઘુવૃત્તિ તરીકે ઓળખાવી છે એથી આપણને એવી લાલચ સહેજે જ થાય તેમ છે કે તેમણે પ્રસ્તુત લઘુવૃત્તિ અને બૃહદ્વૃત્તિ એમ બે વૃત્તિઓ રચી હશે અને પ્રસ્તુત લઘુવૃત્તિ અને મુદ્રિત કોટ્યાચાર્યની વૃત્તિના પ્રણેતાના નામમાં અમુક સામ્ય જોતાં તેવી કલ્પના ઊઠવી એ સ્વાભાવિક વસ્તુ પણ છે; પરંતુ ટીકાનું અવલોકન કરતાં આપણો એ ભ્રમ ભાંગી જ જાય છે અને સ્પષ્ટ રીતે લાગે છે કે બન્ને ય ટીકાકારો એટલે કે ક્ષમાશ્રમણીય ટીકાના અનુસંધાતા કોટ્ટાર્ય મહારાજ અને મુદ્રિત ટીકાના પ્રણેતા કોટ્યાચાર્ય બન્નેય આચાર્ય એક નથી પણ જુદા છે. એનાં કારણો અનેક છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧. પહેલું કારણ તો એ કે—બન્નેયના નામ, ઉપાધિ વગેરેમાં ભેદ છે. ક્ષમાશ્રમણીય ટીકાના અનુસંધાતા આચાર્યનું નામ **કોટ્ટાર્ય** છે અને તેમણે પોતાને માટે '**વાદિગણિ-મહત્તર**' એવું વિશેષણ આપ્યું છે જ્યારે મુદ્રિત ટીકામાં માત્ર અંતની અતિસંક્ષિપ્ત પુષ્પિકામાં માત્ર **इति कोट्याचार्यकृता टीका समाप्तेति** એટલું જ જણાવ્યું છે. જો બન્નેયના પ્રણેતા આચાર્ય એક જ હોત તો મોટી જણાતી કોટ્યાચાર્યીય ટીકામાં આવી અતિસંક્ષિપ્ત સાદી-વિશેષણ વિનાની પુષ્પિકા ન જ હોત.

૨. બીજું કારણ એ છે કે-મુદ્રિત કોટ્યાચાર્યીય ટીકામાં **टीका, मूलटीका, मूलावश्यकटीका:, गुरव:, जिनभटाचार्यपूज्या:** આદિ જે ઉલ્લેખો છે તે પૈકીનો એક પણ ઉલ્લેખ ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકામાં નથી તેમજ પત્ર ૨૨૪-૯૩૪ આદિમાં જે ભાષ્યના પાઠભેદોની નોંધ છે તે પણ ક્ષમા૦ મહ૦ ટીકામાં નથી.

૩. આ ઉપરાંત મલધારી આચાર્યે પત્ર ૨૭૩ માં **अन्ये तु 'सो पुण सव्वजहण्णो चेयण्णं' इत्यादिगाथायां "स पुनरक्षरलाभः" इति व्याचक्षते, इदं चानेकदोषान्वितत्वात् जिनभद्रगणिक्षमाश्रमणपूज्यटीकायां चादर्शनादसंगतमेव लक्षयामः** । એ પ્રમાણે જે અન્યના મતની સમાલોચના કરીને એને અસંગત જણાવેલ છે એ પાઠ મુદ્રિત કોટ્યાચાર્યીય ટીકા પત્ર ૧૮૯ માં છે, ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકામાં નથી.

આ અને આ સિવાયનાં બીજાં ઘણાં એવાં કારણો છે કે જેથી બન્નેય ટીકાના પ્રણેતા આચાર્યો જુદી જુદી વ્યક્તિ છે.

આટલું જાણ્યા-વિચાર્યા પછી એક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે કે ગ્રંથપ્રમાણની દૃષ્ટિએ ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકા કરતાં કોટ્યાચાર્યીય ટીકા મોટી છે ખરી; અર્થાત્ એક ટીકા ૧૦૨૫૦ શ્લોક જેટલી અને બીજી ૧૩૭૦૦ શ્લોકો જેટલી છે; તે છતાં તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકા જ વિસ્તૃત અને મહત્ત્વની છે. કેટલીક કથાઓ અને કેટલીક ગાથાઓ કે જેને ક્ષમા૦ મહ૦ ટીકામાં સુગમ જણાવીને છોડી દીધી હોય તેની વ્યાખ્યા, વિવેચન કે સૂચન આમાં ભલે હોય, પરંતુ બાકીનાં દરેક તાત્ત્વિક કે ચાર્ચિક સ્થળો વગેરે અંગે તો ક્ષમાશ્રમણમહત્તરીય ટીકા જ ચડીઆતી છે. ઊડતી નજરે બન્નેય ટીકાનાં સંખ્યાબંધ સ્થળોને સરખાવતાં ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકા કરતાં ખાસ વિશેષ ગણી શકાય તેવું કોટ્યાચાર્યીય ટીકામાં કશું જ મારા જોવામાં આવ્યું નથી. પરંતુ એટલું તો સ્પષ્ટ દેખાયું છે કે—લગભગ ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકાને સામે રાખીને જ કોટ્યાચાર્ય મહારાજે પોતાની ટીકાનું નિર્માણ કર્યું છે. મેં જે સંખ્યાબંધ સ્થળોની સરખામણી કરી છે તે દરેક સ્થળે ક્ષમા૦ મહ૦ ટીકા કરતાં કોટ્યાચાર્યીય ટીકામાં સંક્ષેપ જ જોવામાં આવ્યો છે. એટલું જ નહિ પણ પ્રમાણ તરીકે આપેલાં ઉદ્ધરણો પણ ક્ષમા૦ મહ૦ ટીકા કરતાં ક્યાંય નવાં જોવામાં આવ્યાં નથી કે ખાસ વિશેષ પણ કશું કરવામાં આવ્યું નથી, આ વિશેનું બન્નેય ટીકાઓનું વિશેષ અંતઃપરીક્ષણ બીજી વાર કરવા વિચાર રાખ્યો છે.

વિદ્વાનોને હું આનંદસંદેશ આપું છું કે પ્રસ્તુત ક્ષમાશ્રમણ-મહત્તરીય ટીકાને **શ્રીજિનાગમપ્રકાશિની સંસદ**દ્વારા સત્વર પ્રકાશમાં મૂકવા બનતું કરવામાં આવશે.

**વડોદરા,** ફાગણ શુદિ ૨. **મુનિ પુણ્યવિજય**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.

( ૪૯ )

## વિદ્યા-ધન વિ. ધર્મ-
## Religion-a contract.

**વિદ્યાપ્રાપ્તિ અને ધનપ્રાપ્તિને અંગે માણસે વિચાર કરવો કે પોતે કદી ઘરડો થવાનો નથી કે કદી મરવાનો નથી;**

**અને જમદેવે ચોટલી પકડેલ છે એવો વિચાર ધર્માચરણ પરત્વે કરવો.**

**બહુ** સાદો લાગતો અને સંસ્કૃતના અભ્યાસીએ અનેક વાર સાંભળેલો આ સુભાષિત શ્લોક ખૂબ રહસ્યથી ભરેલો છે. એની વિચારણા કરતાં અનેક પ્રકારની ગૂંચવણોનો નિકાલ થઇ જાય તેમ છે અને જીવનમાર્ગ સરળ થાય તેવી તે વિચારણાના ગર્ભમાં મહત્તા છે. કોઇ પ્રાસાદિક અનુભવીએ પોતાના જીવન અનુભવનો એમાં નિચોડ કાઢ્યો છે અને એ અનુભવની પ્રાસાદી લેવામાં ખૂબ આનંદ થાય તેવું તારતમ્ય શોધી કાઢ્યું છે.

નિશાળે ભણવા જાય કે કોલેજમાં આંટા ખાય તે વખતે માણસ વિચાર કરે કે–'ભણનાર પણ અંતે મરે છે, ન ભણનારો પણ આખરે તો એ જ રસ્તે જાય છે અને જરૂર મરણ પામે છે, તો પછી ભણવાની માથાકૂટ શા માટે કરવી?' આ વિચાર ખોટો છે, લાંબી નજરની ગેરહાજરી બતાવનાર છે અને પ્રગતિનો રોધક છે. **જ્ઞાન** તો દિવો છે, જાગતી જ્યોત છે, આંતરચક્ષુને ઉઘાડનાર છે, દિવ્ય માર્ગના દર્શન કરાવનાર છે અને અંધારી રાતનો બાર વાગ્યાનો હોંકારો છે. જ્ઞાની સમજુ વિચારક મરે તો યે નામ રાખે અને જીવે તો યે એનાં આંતરપ્રવાહો અનેરા હોય. અજ્ઞાની અભણ માણસની એની સાથે સરખામણી પણ ન થાય. અને **ધન** કમાવા માણસ પ્રયાસ કરે ત્યારે જો આડો-અવળો વિચાર કરે તો તો એ કથોરે ચઢી જાય. એણે તો એક જ વિચાર કરવો રહ્યો કે પોતે શરીરે અપંગ થવાનો નથી, ખાટલે પડીને ખાવાનો નથી, આંધળો થઇને લાકડીને ટેકે ચાલવાનો નથી અને પારકો ઓશિયાળો રોટલો અડવાનો નથી. એ પ્રેરણાત્મક વિચાર જો સ્વીકાર્યો હોય તો જ પૈસા મેળવવાની કે પેદા કરવાની ખટપટમાં પડી શકાય તેમ છે, કારણ કે પૈસા પેદા કરવા એ સહેલી વાત નથી. માથાનો પસીનો પગે ઊતરે ત્યારે પૈસા મેળવાય છે એટલે જે કદી બુઢા થવાના નથી કે મરવાના નથી એવો વિચાર કરી શકતા હોય એ જ ધનપ્રાપ્તિ અને ધનસંરક્ષણના કામમાં જોડાય છે.

જ્ઞાન અને ધનને એક કક્ષામાં મૂકવા જેવા નથી, પણ પ્રેરણાની નજરે એ એક જ કોટિમાં આવે તે અપેક્ષાયે એમાં વાંધા જેવું નથી. એમ ન થાય તો ધનની પાછળ માણસ ઉજાગરા ન કરે, આંટા ફેરા ન ખાય અને મોડો વહેલો જમે પણ નહિ.

પણ ધર્મની વાત આવે ત્યાં તો 'જાવું છે જી! જાવું છે, જાવું છે જરૂર' એ જ ભ્રમણા રાખવી ઘટે. એમાં કાલની વાત નહિ, સવાર સાંજનો સોદો નહિ, મુદત પાડવાનો હિસાબ નહિ. કૃષ્ણ મહારાજે એક સારા દાનની વાત કાલ ઉપર મુલતવી રાખી એટલે એના ચાલાક પુત્રે વિજય-ડંકો વગાડ્યો. કારણ પૂછતાં જણાવ્યું કે નેમનાથ ભગવાન કહેતા હતા કે ઘડીનો ભરોંસો નથી, રાત્રે સૂતા પછી બંધ કરેલાં બારણાં કોણ ઉઘાડશે તે કહી શકાય નહિ, પણ પિતાજી! તમે ભિક્ષુકને કાલ આવવા કહ્યું એટલે કાલ સુધી રહેવાની આપની પાકી ખાતરી છે–એ આનંદ ઉત્સાહમાં આ વિજય-ડંકાનો ધ્વનિ કર્યો, અને આપણે તો મહિના મહિનાના અને વરસોની મુદતો નાખીએ અને અનેકને વાયદા આપીએ. આ વાત સમુચિત ન ગણાય. સારાં કામ કરવામાં તો ઘડીનો ભરોંસો રાખવો નહિ. કાલની વાત કાલા (ભોલા) કરે. એમાં તો કર્યું તે કામ અને સાધ્યો તે વેધ. જેમાં એક આડી રાત જાય તેમાં તો આખી સૃષ્ટિ ફરી જાય, પોતાના વિચાર–વાતાવરણમાં ફેરબદલો થઇ જાય, પરિસ્થિતિ પલટો પામી જાય અને આસામીના સામી (સ્વામી–ભિખારી) થઇ જવાય. એ તો જમરાજા ચોટલી પકડી બેઠો છે કે ગળચી દબાવી રહ્યો છે અને હમણાં શ્વાસ ચાલ્યો જશે અને રામ રમી જશે એ વિચારે જ કામ લેવા જેવું છે. અને આવતી કાલે કે હવે પછી બીજાં કામો ક્યાં કરવાનાં નથી, એ તો હાથમાં લીધું કે વિચારમાં આવ્યું તે કામ કરી નાખવું એ જ યોગ્ય વાત છે. મન વિચિત્ર છે, પુદ્‌ગલ અસ્થિર છે, સ્નેહ સાંકડા છે, જીવાદોરી લટકતી છે અને પળ પળનો પણ વિશ્વાસ નથી એ નજરે કામ કરનાર જ ખરો સાધક બની શકે છે. મુલતવી રાખવાનાં માઠાં ફળો અનુભવગમ્ય છે અને વાત વીફરી જતાં મનની મનમાં રહી ગઇ એવા તો અનેક દાખલા નજરે જોયા છે, માટે ધર્મકાર્યમાં કાલ કરવાનું આજે કરવું અને આજે કરવાનું હમણાં જ કરવું.

---

**अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत्, गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।**

**હિતોપદેશ સુભાષિત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૫૦ )

## ધર્મ સર્વસ્વ. Religion in nutshell

**ધર્મનું મુદ્દામ સ્વરૂપ–સ્પષ્ટ રહસ્ય સાંભળો, સાંભળીને એની મનમાં ધારણા કરી લો. તે આ છે :—પોતાને જે અનુકૂળ ન થાય કે ન લાગે તેવી બાબત પારકાના સંબંધમાં આચરવી નહિ.**

મુદ્દાસર લખનારા પ્રાસાદિક લેખકો, મહાન સાહિત્યિકો અને ઓજસ્વી સાક્ષરો **સૂત્ર** જેવી વાણી બોલે છે, એ અનેક વાતોને એક નાનકડા સૂત્રમાં એવી સરસ રીતે વણી દે છે કે એને જેમ જેમ વિચારવામાં આવ તેમ તેમ એમાંથી મહાન રહસ્યો તારવી શકાય. અનુભવી લેખકો આવા **સૂત્ર** વચન જનતા પાસે રજૂ કરે તે ત્રિકાલાબાધિત સત્ય હોય છે અને દરેક યુગે એનાં ઓવારે પાણી પીધેલ હોય, છતાં દરેક યુગમાં એમાંથી નવાં નવાં સત્યો નીતરતાં રહે છે, એક શબ્દ ઓછો લખાય અને છતાં પોતાનો આશય બતાવી શકાય તો પુત્રજન્મ જેવો એ કાળના લેખકોને આનંદ થતો હતો.

આવા **સૂત્ર સિદ્ધાંત** જેવી વાત અત્ર રજૂ થાય છે. લેખકને ધર્મનું રહસ્ય બતાવવું છે, અને ધર્મનું રહસ્ય લખવા વિદ્વાન બેસે તો આખી જિંદગી પૂરી થઇ જાય અને હજારો લાખો પાના ભરાય. આ લખકે **ધર્મનું રહસ્ય** અરધા શ્લોકમાં ભરી દીધું અને તેમ કરીને એમણે પોતાનો ખરો લેખન સંયમ દાખવ્યો છે. એ લખક કહે છે કે સર્વ ધમનો સાર સાંભળી લો અને સાંભળીને એને તમારા હૃદયમાં અવધારો, એને હૃદયમાં પાકું સ્થાન આપી દો. તમે અનેક પ્રકારનાં ફાંફાં મારશો અને મંદિરે મંદિરે આંટા ખાશો કે પથ્થર એટલા દેવ કરશો કે અનેક પ્રકારના યોગો કરશો, તેમાં તમારૂં ઠેકાણું પડે કે ન પડે એ જુદી વાત છે, એને ઘણી બાબતો પર આધાર રાખવો પડે છે, પણ હું તમને એક નાનકડો મંત્ર આપું, ટૂંકામાં ધર્મનો સાર બતાવી આપું અને તમે એ વિધિ સૂત્રને અનુસરશો તો તમે સાચા ધર્મને બરાબર અનુસરશો. તમે ખરા ધર્મી થશો અને તમારું જીવન સફળ થશે, તમારો ફેરો મૂલ્યવાન બનશે અને તમારું સાધ્ય તરફ પ્રયાણુ બરાબર થશે. એ સૂત્ર આ રહ્યું :—

તમને દુનિયાદારીમાં વ્યવહારમાં, વર્તનમાં, અન્ય સાથેની લેવડદેવડમાં, બોલીચાલીમાં અને હરવા–ફરવામાં કેટલીક વાત ઠીક લાગે છે, સારી લાગે છે, રુચિકર જણાય છે, સુયોગ્ય લાગે છે અને કેટલીક બાબતો ઘૃણા કરાવનારી બાલિશ–તુચ્છ–અધમ–અયોગ્ય લાગે છે. પ્રથમની બાબતોને આપણે **અનુકૂળ** ગણીએ છીએ, બીજી બાબતોને **પ્રતિકૂળ** ગણીએ. આ હકીકત આપણા દરરોજના અનુભવની છે, આપણી સાથે વણાઇ ગયેલી છે, આપણી સાથે એકમેક થઇ ગયેલી છે. કોઇ સભ્યતાથી બોલે તે ગમે, ગાળાગાળી કરે તે ન ગમે, સાચું બોલે તે ઠીક લાગે, અસત્ય બોલે તે અઠીક લગે, કોઇ નિંદાચુગલી કરે તે ન ગમે, પ્રશંસા પ્રેગ કરે તે ગમે. એટલે તમે સારૂં નરસું જાણો છો, અનુકૂળ પ્રતિકૂળને ઓળખો છો, વિવેક સભ્યતાને પીછાનો છો, ચારિત્રને જાણો છો, સંયમને પીછાનો છો, અને તમને **સારા ખરાબ**ની પરખ છે. હવે તમારે જ્યારે પારકાને અંગે કોઇ વર્તન કરવું હોય, કાંઇ બોલવું હોય કે કોઇ ક્રિયા કરવી હોય તો તે વખતે તમારી જાતને સ્થાને મૂકો. તમે તમારા આચાર, ઉચ્ચાર કે વિચારને કેવો ગણો ? તે તમારે માટે શું ધારે ? જે વાત તમને ન ગમે તે તેને પણ ન ગમે તો **તમને ન ગમે તેવી** વાત તેના પ્રત્યે ન કરો.

અને આટલું કરો તો તમે ધર્મી થઇ જાઓ, આટલું કરો તો તમારો બેડોપાર પડી જાય. તમારે પ્રત્યે તેવું વર્તન કે ઉચ્ચાર કરે તે તમને ખરાબ લાગે તેવું હોય તેવું તમારે સામા પ્રત્યે ન કરવું. આટલી સાદી ટૂંકી સીધી સરળ વાત છે અને તમને તે આવડે છે એમ તો આપણે ઉપર ધારી લીધું છે. આટલી વાત કરજો એટલે તમને કોઈ વાતની અડચણ નહિં થાય. તમારા પર ટીકા નહિ થાય અને તમારો સંસારપ્રવાસ સફળ બનશે, આનંદમય બનશે, પ્રેરક બનશે, પ્રેમમય બનશે અને તમારા મન પરથી અસાધારણ બોજો ઉતરી જઇ એનું હળવુંફૂલ છતાં ગૌરવવંતું બનાવશે, તદ્દન સાદી વાત છે, કરવી સરળ છે અને કુલ ધર્મના અનેક ઉપદેશોનો એ સાર છે.

**મૌક્તિક**

**श्रृणुत धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम्, आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।**

**ધર્મસર્વસ્વ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'કૃતજ્ઞ બનશો કે કૃતઘ્ન ?'

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

કોઇ માણસ પૈસાના અભાવે મોટી આપત્તિમાં આવી પડયો હોય, અને જીવનનિર્વાહના સાધનના અભાવે જીવવું પણ ભારે થઇ પડયું હોય, તેવાને કોઇ પરગજુ સહાય આપીને આપત્તિમાંથી બચાવી સંપત્તિવાળો બનાવે તો તેનો ઉપકાર જીવે ત્યાં સુધી તે ભૂલતો નથી અને ઉપકારના ભારથી દબાયેલો રહે છે. જ્યારે જ્યારે ઉપકારીને જુએ છે ત્યારે ત્યારે નમ્રતા, લાગણી, સ્નેહ તથા સેવાભાવ તેના ચ્હેરા ઉપર તરી આવે છે. જરૂરત પડે તો પૈસો તથા વખતનો ભોગ આપવા હંમેશાં તૈયાર રહે છે, ઉપકારીના વચનનો અનાદર કરતો નથી અને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ સેવા કરવા નિરંતર ઉત્સાહવાળો રહે છે; કારણ કે તે એમ સમજે છે કે-જેણે મને મહાન આપત્તિમાંથી બચાવીને ધન તથા જીવન સંપત્તિ આપી છે તે મારો પ્રાણદાતા છે, મારી પાસે જે કાંઇ છે તે બધુંય એનું આપેલું છે માટે એનું જ છે આવું સમજવાથી પોતાને ઉપકારીનો ઋણી માને છે. આવા માનવીઓ સંસારમાં કૃતજ્ઞ કહેવાય છે અને વિપરીત વૃત્તિ તથા પ્રવૃત્તિવાળા કૃતઘ્ન કહેવાય છે.

જ્યારે જીવનનિર્વાહના સાધનથી સગવડતા કરી આપનારનો ઉપકાર માનવી જીવે ત્યાં સુધી ભૂલતો નથી અને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા જરાય નિરુત્સાહિત થતો નથી તો પછી જેણે તમને દુનિયામાં નજરે પડતા સૂક્ષ્મ જંતુઓ કીડા-મકોડા, વાઘ-વરૂ, કૂતરાં-બીલાડાં, ઘોડા-ગધેડાં, ગાય-ભેંસ આદિ પશુ-પંખીઓનો અવતાર ન આપતાં માનવનો અવતાર આપ્યો, માનવીઓમાં પણ કેટલાક એવા હોય છે, કે જેમના હાથ નિરંતર લોહીથી ખરડાયલા રહે છે અને કેટલાકને તો પાયખાના સાફ કરવા પડતાં હોવાથી તેમના હાથ વિષ્ટામાં ખરડાયલા રહે છે અને તેને નહિં જેવા સાફ કરીને ખાવાના કામમાં વાપરે છે. તમે આવી જાતિના માણસ છો કે નહિં તેનો વિચાર કરી જુઓ. જો તમે એવી જાતિના નથી પણ ઉત્તમ જાતિના છો તો પછી તમે ઉત્તમ જાતિ તથા કુળમાં શાથી ઉત્પન્ન થયા? માનવજાતિમાં કાંઇપણ ફરક ન હોવા છતાં પણ તમે ઉત્તમ જાતિના કહેવાઓ છો તેનું શું કારણ? તમને ઉત્તમ જાતિના માણસ કોને બનાવ્યા? કેટલાક માનવીઓને રહેવાને ઝુંપડાં, પહેરવાને ગાભા હોય છે અને આખી ઉમર-જીવે ત્યાંસુધી બીજાના વૈતરાં કરીને આઉખું પૂરું કરે છે, પણ તમને તો રહેવાને બંગલા, પહેરવાને સુંદર વસ્ત્રો મળ્યા છે તેમજ બેસવાને મોટર આદિ વાહનો તથા નોકર-ચાકર પણ તમારી પાસે છે અને તમે સ્વામી બનીને બીજાની સેવા લો છો. આ બધુંય તમને કોણે આપ્યું છે તેનો કદીયે તમને વિચાર સરખોય આવ્યો છે? સંસારમાં જોઇએ છીએ તો કોઇ આંધળો હોય છે તો કોઇ બ્હેરો હોય છે, કોઇ મૂંગો હોય છે તો કોઇ ઠુંઠો, લુલો અને કદરૂપો હોય છે; પણ તમે તો આ બધીય ખામીઓ વગરના છો. તમારી પાંચે ઇંદ્રિયો સંપૂર્ણ છે અને તે પોતપોતાનું કામ સારી રીતે આપી રહી છે. આંખોથી સારી રીતે જોઇ શકો છો, કાનેથી સાંભળી શકો છો અને જીભથી સ્પષ્ટ ઉચ્ચાર કરી શકો છો. તમારા હાથ-પગ પણ પોતાનું કામ કરતાં અટકી પડયા નથી. આ બધુંય કોના પ્રતાપથી તમને મળ્યું છે તેનો કાંઇ વિચાર કરીને સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવા પ્રયાસ કર્યો છે? તમે કૂબડા-વામન કે બદશિકલ નથી પણ સુંદર રૂપ તથા આકૃતિવાળા છો, તેમજ તમે કંગાળ કે ભિક્ષુક નથી પણ સારી ધનસંપત્તિવાળા અને દાતા છો. સંસારમાં કેટલાકને પૌદ્ગલિક સુખના સાધન સંપૂર્ણ મળ્યાં છે છતાં નિરંતર પથારીવશ થઇને પડયા રહે છે જેથી કરીને તેઓ સુખ ભોગવી શકતા નથી અને તેમને ત્યાં ડોકટર-વૈદ્યોની પધરામણી વિના ભાગ્યે જ કોઇક દિવસ ખાલી જતો હશે, પરંતુ તમારાથી તો રોગ-શોક એવા તો રીસાઇ ગયા છે કે કોઇ દિવસ પણ તમારા બંગલાના કમ્પાઉંડમાં પણ ડોકટર-વૈદ્યના પગલાં સરખાય થયા નથી. પુદ્ગલાનંદી જડાસક્ત ઘણાખરા માનવીઓને કેવળ વિદ્યમાન એક જ જન્મમાં ઉપયોગી પૌદ્ગલિક સંપતિ મેળવવાના સાધનો તો મળ્યાં છે; પણ આત્મિક સંપત્તિ મેળવવાના સાધન ન મળવાથી સારી સંપત્તિની કંગાળીયત ભોગવી રહ્યા છે; પણ તમને તો સાચી-આત્મિક સંપત્તિ મેળવવાના સાધનભૂત સુદેવ તથા સુગુરુનો સંયોગ મળ્યો છે. એટલે જો તમે ધારો તો સાચા શ્રીમંત બનીને શાશ્વત સુખના ભોગી બની શકો છો તો તમને આ બધીય સામગ્રીનો પ્રબંધ કોણે કરી આપ્યો છે તેનો નિર્ણય કરવાને કોઇ વખત પણ તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કર્યો છે?

તમે માનવી છો, તમારામાં બુદ્ધિ છે, ડહાપણ છે, અને તમે પોતાને એમ માનો પણ છો કે હું બુદ્ધિશાળી અને ડાહ્યો છું. તો પછી તમે જગતની વિચિત્રતાનું કારણ કેમ શોધી કાઢતા નથી? ઉપર બતાવેલી બાબતોનો સારી રીતે વિચાર કેમ કરતા નથી અને સદ્બુદ્ધિથી ડરીને વેગળા કેમ રહો છો, તેમજ સદ્બુદ્ધિવાળા તરફ તિરસ્કારની લાગણી શા માટે રાખો છો? કદાચ તમારી બુદ્ધિ કામ ન કરી શકતી હોય અને સાચું સમજવાની ઇચ્છા હોવા છતાં પણ સાચી સમજણ મેળવવાને ઘણી જ અડચણ પડતી હોય તો સંપૂર્ણ સાચી બુદ્ધિના વિકાસી જ્ઞાનીપુરુષોના વચનો સાંભળીને જગતની વિચિત્રતાનો સાચો બોધ કરો અને સાચી સમજણ મેળવીને સંપૂર્ણ સાચી વસ્તુની પ્રાપ્તિ માટે પ્રયાસ કરો. જો તમે સર્વજ્ઞના વચનો ઉપર શ્રદ્ધા રાખીને જાણવાનો પ્રયાસ કરશો તો વિશ્વરચના સાચી રીતે તમને સમજાશે અને તેથી તમે તમારી પ્રવૃત્તિમાત્રને સમ્યગ-સાચી બનાવી શકશો જેથી તમને અણગમતા પ્રસંગો અકળાવી શકશે નહિં.

સંપૂર્ણ સાચી સ્વતંત્રતા મેળવનાર સર્વજ્ઞ પુરુષોએ જડ-ચેતનના સંયોગસ્વરૂપ જગતની વિચિત્રતામાં જડને પ્રધાનતા આપી છે. જો કે એકલું જડ અથવા તો એકલું ચેતન કાંઇ પણ વિચિત્ર ભાવો ઉત્પન્ન કરી શકતાં નથી અર્થાત્ જડ તથા ચેતન સ્વતંત્રપણે વિચિત્ર પ્રકારના જગતની રચના કરવામાં અસમર્થ છે છતાં બંને ભેગાં મળે તો અનેક પ્રકારના ભાવોને પ્રગટ કરી શકે છે અને તેથી સંસારમાં જે કાંઇ અસદૃશ અનેક ભાવો દેખાય છે તે જીવ તથા કર્મસ્વરૂપ જૂના અનાદિ સંયોગનું પરિણામ છે. અનાદિ કાળથી કર્મના સંયોગને લઇને જીવ અનેક ભાવોમાં પરિણમતો આવ્યો છે માટે જ કર્મસ્વરૂપ જડને પ્રધાનતા આપવામાં આવી છે. જીવને પુદ્ગલાનંદી-અજ્ઞાની કહેવામાં આવે છે તે કર્મના સંયોગને લઇને જ છે. જીવ પોતે સમ્યગ્જ્ઞાની હોવા છતાં પણ દર્શનમોહના દબાણથી સાચું સમજાવવામાં આવે તોયે સમજતો નથી અને ચારિત્ર મોહનીયના દબાણથી સાચું આદરી શકતો નથી. સાચું ન સમજવાથી કર્મવશ પડેલો અજ્ઞાની જીવ પોતાને જડ માને છે અર્થાત્ શરીર તે જ હું છું એમ માને છે અને તેથી કરીને જ પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુદ્‌ગલાનંદી બનીને પૌદ્‌ગલિક અનુકૂળ વસ્તુઓના સંયોગથી પોતાને સુખી માને છે અને તેના વિયોગથી દુઃખ મનાવે છે તેમજ પ્રતિકૂળ વસ્તુઓના સંયોગથી દુઃખી થાય છે અને તેના વિયોગથી શાંતિ મેળવે છે. આ બધુંય પરિણામ દેહાધ્યાસીપણાનું છે અર્થાત્ મોહના અત્યંત દાસ બનેલા આત્માઓ પોતાને ભૂલી જઈને દેહને જ સ્વસ્વરૂપે માને છે. અને તેથી કરીને તેઓ બનાવટી નામધારી દેહની પ્રશંસા કરાવવાને માટે ખૂબ જ મહેનત કરે છે. અને જડસ્વરૂપ દેહમાં આત્માના ગુણોની પ્રશંસા સાંભળીને અત્યંત આનંદ અનુભવે છે અને કામી, ક્રોધી, લોભી ( આદિ જે કર્મજન્ય ગુણો કે જે એકદૃષ્ટિથી પૌદ્‌ગલિક હોવાથી જડ સ્વરૂપ છે. ) જો દેહને કહેવામાં આવે તો દિલગીર થાય છે, દુઃખ મનાવે છે. અજ્ઞાનતાના ગાઢ અંધકારમાં રહેલા જીવો વિરાગી મહાપુરુષોના વચનો વાંચીને કે સાંભળીને મોઢે બોલી જાય તો તેથી કાંઇ તેઓ પોતાને ઓળખે છે અને પુદ્‌ગલાનંદી તથા દેહાધ્યાસી નથી એમ કહી શકાય નહિં; કારણ કે મિથ્યાભિમાન-( દેહાભિમાન )ની વૃત્તિ તથા પ્રવૃતિ ટળે નહિં ત્યાં સુધી તેમનામાં જડથી ભિન્ન ધર્મવાળી આત્મા જેવી કોઇ વસ્તુ છે એવી શ્રદ્ધા હોવાનું પણ નિર્ણય કરી શકાય નહિં. કેવળ બાહ્ય વૃત્તિથી તપ-જપ આદરવાથી કે વ્રત-નિયમ આદિ પાળવાથી આત્માની સાચી ઓળખાણ અને પુદ્‌ગલાનંદીપણાથી નિવૃત્તિ થઇ છે તથા દેહાધ્યાસ ટળ્યો છે એમ કહી શકાય જ નહિં કારણ કે આવી પ્રવૃત્તિઓ તો અનંત સંસારી મિથ્યાદૃષ્ટિ તથા અભવ્ય જેવા અજ્ઞાની જીવો પણ આદરી શકે છે, આચરી શકે છે. જ્યાં સુધી પાંચે ઇંદ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષની તીવ્ર પરિણતિથી અનુકૂળતા-પ્રતિકૂળતાના અંગે હર્ષ શોક રહેલો છે તથા મનોવૃત્તિયોમાં આસક્તિ ભાવ રહેલો છે ત્યાં સુધી વિકાસી આત્માનુભવી મહાપુરુષો, આત્માની સાચી ઓળખાણ થઇ છે એમ કહેતા નથી પણ મિથ્યાભિમાન( દેહાધ્યાસ )ને લઈને દેહને જ આત્મા માનવાનું જણાવે છે. વૈષયિક સુખોને પોષવા સંપૂર્ણ આત્મવિકાસી વીતરાગ પ્રભુ પાસે પણ ધન-સંપત્તિ માગનારા અથવા તો ધન-સંપત્તિથી દેહની પ્રશંસા કરાવવા તથા વધારવા પ્રયાસ કરનારા આત્મા તથા પરમાત્માને ઓળખી શક્યા જ નથી, કારણ કે તેમનામાં દેહાભિમાન રહેલું છે.

આ પ્રમાણે સંસારમાં ચર્મચક્ષુથી જોનારા ઘણા છે એટલે તેમને આત્મ પ્રત્યક્ષ થતું નથી અને તેથી જ તેઓ મિથ્યાભિમાની-દેહધ્યાસી છે. જ્ઞાનદૃષ્ટિ-સમ્યગ્‌દૃષ્ટિ સિવાય આત્મા ઓળખી શકાય નહિં કારણ કે આત્માને જડસ્વરૂપ ઇંદ્રિયોની જરૂરત પડતી નથી. ઇંદ્રિયો રૂપી જડ વસ્તુને ગ્રહણ કરી શકે છે પણ અરૂપી આત્માને ગ્રહણ કરી શકતી નથી માટે જ ચર્મચક્ષુથી જોનાર આત્માને ઓળખી શકે નહિં પણ આત્મા પોતે જ પોતાના વિશુદ્ધ જ્ઞાનદ્વારા ઓળખી શકે છે. કદાચ આત્મ પ્રત્યક્ષ કરવા જેટલી જ્ઞાનમાં વિશુદ્ધિ ન થઈ હોય તો આત્મસ્વરૂપ ઓળખવામાં શબ્દાદિ પૌદ્‌ગલિક વિષયો નિમિત્તભૂત બને છે અને તેથી જ્ઞાનદૃષ્ટિ આત્માને સાચી રીતે ઓળખીને જ્ઞાનદૃષ્ટિને વધુ નિર્મળ બનાવી શકે છે, પણ તેમને ભેદજ્ઞાન હોવાથી જાણી શકે છે કે આત્મા વિષયાતીત છે. જ્ઞાન સિવાય કોઇપણ પ્રકારના ઇંદ્રિયોના વિષયોથી આત્મા ગ્રાહ્ય નથી, માટે જ પૌદ્‌ગલિક વિષયોથી ભિન્ન સ્વરૂપવાળો મારો આત્મા છે અને તેમાં અનંત જ્ઞાનાદિ ગુણો રહેલા છે તે પૌદ્‌ગલિક દેહાદિમાં નથી કારણ કે દેહાદિ આત્માથી ભિન્ન ગુણધર્મવાળા છે. આવી જ્ઞાન દૃષ્ટિવાળા આત્માઓ સંસારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત અલ્પ પ્રમાણમાં છે, ત્યારે જડાસક્ત પુદ્‌ગલાનંદી જીવો ઘણી મોટી સંખ્યામાં છે કારણકે તાત્વિક દૃષ્ટિથી જોઈએ છીએ તો ધાર્મિક પ્રવૃત્તિયોમાં પણ વૈષયિક આસક્તિનો આદર ઘણો જણાય છે અને તેથી કરીને જ જડ-સ્વરૂપ કર્મને પ્રધાનતા આપી છે. અનાદિ-કાલના કર્મની સોબતથી આત્મા અનંત બળી હોવા છતાં પણ નિર્બળ બની રહ્યો છે અને જડાત્મક વસ્તુઓ ઉપર જ પોતાના અસ્તિત્વનો આધાર રાખી રહ્યો છે. જીવન, સુખ, શાંતિ આનંદ આદિ વસ્તુઓ પોતાની પાસે હોવા છતાં પણ જડાત્મક વસ્તુઓથી જ પ્રાપ્ત થાય છે, એવી દૃઢ શ્રદ્ધાવાળો જ્ઞાની પુરૂષોએ તેને અપ્રધાન ગણ્યો છે. આવા પુદ્‌ગલાનંદી જડાસક્તિવાળા જીવોને વસ્તુસ્થિતિ સમજાવીને સન્માર્ગમાં લાવવાને માટે તેમની જ ઈચ્છાઓને ઉદ્દેશીને પ્રભુ તરફથી સમજણ આપવામાં આવી છે કે તમારું માનેલું પૌદ્‌ગલિક સુખ તમારી ઇચ્છા પ્રમાણે તમને મળ્યું છે અને બીજા તમારા જેવા જ માનવીઓને નથી મળ્યું તેમજ બધા જીવો એક સરખા હોવા છતાં તમે માનવી બન્યા તેનું ખાસ કારણ પુન્ય કર્મ છે. તમે પોતાની ઇચ્છા પ્રમાણે જે કાંઈ પૌદ્‌ગલિક સુખના સાધન મેળવ્યાં છે, અથવા તો મેળવી રહ્યા છો તેમાં કેવળ તમારો પ્રયાસ કે તમારી બુદ્ધિમત્તા કારણ નથી પણ મુખ્યપણે તો તેમાં તમારૂં પ્રારબ્ધ કારણ છે. અર્થાત્ જન્માંતરમાં અત્યંત આદરપૂર્વક ધર્મની સેવા કરવાથી તમને પુન્ય આપવામાં આવ્યું છે કે જેને લઇને તમને ધારણા પ્રમાણે પૌદગલિક સુખના સાધન મળ્યાં છે, સંસારમાં પુદ્‌ગલાનંદી ઘણાંય જીવો બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે, છતાં તેમને ધારણા પ્રમાણે સુખના સાધન મળવાને બદલે દુઃખના સાધન મળી રહ્યાં છે. અને સુખના માટે કરવામાં આવતા બધા પ્રયાસો નિષ્ફળ બની રહ્યા છે જેથી કરીને તેઓ આધિ, વ્યાધિ તથા ઉપાધિથી નિરંતર દબાયલા જ રહે છે. કારણ કે આવા જીવો પાસે પુન્ય નથી, તેમણે જન્માંતરમાં ધર્મનો અનાદર તથા તિરસ્કાર કરીને પાપને પડખે રાખવાથી આ ભવમાં તેઓ ઘણી જાતના દુઃખો ભોગવી રહ્યા છે, જેમણે જન્માંતરમાં અનાદરપૂર્વક વેઠ તરીકે ધર્મની સેવા કરી છે તેમને આ ભવમાં સુખના સાધન તો મળ્યા છે પણ તેનો ઉપયોગ કરીને સુખ મેળવી શકતા નથી, કારણ કે તે સાધનોનો ઉપયોગ કરવાને સાધનભૂત ઇંદ્રિયોની જ ખામી છે. અંધાપો, બ્હેરાપણું, મૂગાંપણું તથા રોગ શોક આદિ સુખના સાધન વાપરવામાં આડા આવે છે. પૌદ્‌ગલિક સુખના સાધન બે પ્રકારના છે: એક તો અંતરંગ અને બીજું બહિરંગ અર્થાત્ એક તો જન્મથી જ સાથે રહેવાવાળા દેહ તથા જીવન આદિ તે અંતરંગ અને જન્મ્યા પછી જીવનના કોઇપણ સમયમાં સંબંધિત થવાવાળા ધન સંપત્તિ આદિ બહિરંગ સાધન કહેવાય છે. આ બંને પ્રકારના સાધનો નિર્દોષ તથા અનુકૂળ અને ચિરસ્થાયી મળે તો જ પુદ્‌ગલાનંદિ જીવ ધારણા પ્રમાણે પૌદ્‌ગલિક સુખ ભોગવી શકે છે. બેમાંથી એકની પણ ખામી હોય તો સુખ મળી શકતું નથી. જેમણે બંને પ્રકારના સુખનાં સાધન નિર્દોષ, અખંડ, અનુકૂળ તથા ચિરસ્થાયી મેળવ્યા તેમણે જન્માંતરમાં અત્યંત આદરપૂર્વક ધર્મની સેવા જરૂર કરેલી જ છે, જેથી કરીને ધર્મ તરફથી મળેલા પુન્ય બળથી તેમની ધારણા પ્રમાણે સુખ ભોગવી રહ્યાં છે, અને જેમણે બહિરંગ તથા અંતરંગ બંને પ્રકારના સાધનોમાંથી એક જ પ્રકારનું સુખ મેળવ્યું છે તેમણે જન્માંતરમાં ધર્મની સેવા તો કરી છે, પણ તે અનાદરથી કરેલી હોવાથી છતે સાધને પણ સુખ મેળવી શકતા નથી અને જેમને બંને પ્રકારનાં સાધનમાંથી એકે પણ મળ્યું નથી તેમને ધર્મનો અનાદરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિરસ્કાર માત્ર કરેલો હોવાથી શારીરિક, માનસિક તથા આર્થિક ત્રણે પ્રકારની સંપત્તિની કંગાળીયત ભોગવી રહ્યાં છે.

આ પ્રમાણે પ્રભુના વચનોનો શ્રદ્ધાપૂર્વક સદ્‌બુદ્ધિથી વિચાર કરતા સ્પષ્ટ સમજાય છે કે જેમની પાસે પૌદ્‌ગલિક સુખના બંને પ્રકારના સાધનો છે, અર્થાત્ શારીરિક, માનસિક, આર્થિક સંપત્તિ છે અને જેઓ એ મમાને છે કે અમે સર્વ પ્રકારે સુખી છીએ, ધારણા પ્રમાણે અમને બધુંય મળ્યે જાય છે, જગતમાં યશોવાદ પણ સારો છે, ધન ધાન્ય પુત્ર પરિવાર આદિથી અમે સમૃદ્ધ છીએ, સગા-સંબંધી આદિ અમારું ઘણું માન જાળવે છે અને અમારા કહેવા પ્રમાણે વર્તે છે, વિગેરે, તો તેમણે જાણવું જોઇએ કે આ બધુંય ધર્મના પ્રતાપથી જ છે અર્થાત્ ધર્મે તમને બધુંય આપ્યું છે. તમારી ઇચ્છાઓ પૂર્ણ થવામાં સગવડતા કરી આપનાર ધર્મ જ છે, માટે સંસારમાં ધર્મ તમારો પરમ ઉપકારી છે, જે કાંઇ તમારી પાસે છે તે બધુંય ધર્મનું જ આપેલું છે, માનવ અવતારથી લઇને, શારીરિક આર્થિક સંપત્તિ અને ઠેઠ સાચા સુખ મેળવવાના સાચા સાધનો સુધીનું જે કાંઇ તમારી પાસે છે તે તમારા પ્રયાસનું કે બુદ્ધિ તથા ડહાપણનું ફળ નથી પણ ધર્મની પરમ કૃપાનું ફળ છે તો પછી તમારે ધર્મને તમારું સર્વસ્વ અર્પણ કરવું જ જોઇએ. ધર્મને નામે તન ધનની અશકિત ન બતાવવી જોઇએ. ધર્મને નામે જીવન અપર્ણ કરવું પડે તો અત્યંત ઉત્સાહપૂર્વક ધર્મના ચરણોમાં મૂકી દેવું જોઇએ. વાસુદેવ બલદેવ ચક્રવર્ત્તિ આદિ પુરુષોએ ધર્મના ચરણમાં જીવન અર્પણ કરીને કૃતજ્ઞ બનવાથી અનંત ચતુષ્ટયના સ્વામી થઇને શાશ્વત સુખના ભોગી બન્યા છે, તેમ તમે પણ તમારું સર્વસ્વ ધર્મને અપર્ણ કરીને કૃતજ્ઞતા બતાવી શાશ્વત સુખના ભોગી બનશો ?

## ગાંધીજીને અંજલિ

ગાંધી તું આજ હિંદકી—એ રાગ.

અરે પ્રભુ ! તને શું ગમ્યું આજ આ પળે,
હિંદ તણા પૂજ્ય પિતા સ્વર્ગમાં પળે;
હિંદ તણા પ્રાણ જતાં ભારતી રડે,
સ્વાતંત્ર્યનું સુકાન જતાં આંસુડા પડે. અરે૦
સત્ય પ્રેમ ને અહિંસા મંત્ર પઢાવ્યા,
હિન્દને સ્વાતંત્ર્ય તણા પાઠ શિખાવ્યા. અરે૦
રાનડે, તિલક ને સર ફીરોજશા આદિ,
મથ્યા ઘણું સ્વાતંત્ર્ય માટે અર્ધ શતાબ્દિ;
રક્ત બિંદુ એક ના પડયું ભૂમિ મહી,
દીર્ઘ કાળની છતાં આશા પૂરી થઇ. અરે૦
જે વિશ્વવંદ્ય વ્યક્તિના તપોપ્રભાવથી,
ભારતી સ્વાતંત્ર્ય વાવટો ઉડાડતી;
યાચના છે મારી પ્રભુ શાંતિ આપજે,
સાબ્રમતિ સંતને સમીપ સ્થાપજે. અરે૦

રચયિતાઃ—ગોવિંદલાલ કકલદાસ પરીખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

( લેખક:—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, એમ. બી. બી. એસ. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૦૪ થી શરૂ )

ઇત્યાદિ પ્રકારે તાત્ત્વિક સદ્‌બોધરૂપ પરમાર્થ-મેઘની વૃષ્ટિ કરી જેણે જગત્‌માં પરમ ઉદાર તત્ત્વ-દર્શનની રેલછેલ કરી છે, અને આત્મસ્વભાવરૂપ શુદ્ધ ધર્મનું સ્વરૂપ શુદ્ધ તત્ત્વદષ્ટિથી પ્રગટ કરી જેણે મત-દર્શનના આગ્રહ-અભિનિવેશનો ઉચ્છેદ કર્યો છે, એવા આ પરમ ઉપકારી **શ્રી યશોવિજયજી**નો આપણા ઉપર,—આખા જગત્ ઉપર,—કેવો અમાપ ઉપકાર છે? જગતનું મિથ્યાત્વ દારિદ્રય દૂર કરી, તેને પરમાર્થ સંપત્તિથી સમૃદ્ધ કરનાર–ભરી દેનાર આ પુરુષનું જગત્ કેટલું બધું ઋણી છે? આપણે કેટલા બધા ઋણી છીએ? આપણે આ ઉપકારનો બદલો કેમ વાળી શકીએ? આ પરમાર્થ ઋણુ કેમ ચૂકાવી શકીએ?

કોઇ બાપની મૂડી વધારે તો તે ઉત્તમ ગણાય છે, જાળવી રાખે તો મધ્યમ ગણાય છે, ને ગુમાવી બેસે તે અધમ ગણાય છે. આમ જેમ લોકવ્યવહારમાં છે, તેમ ધર્મવ્યવહારમાં પણ જો આપણે જ્ઞાનીઓએ આપણા માટે એકત્ર કરેલ જ્ઞાનનિધિનો વારસો વધારીએ તો આપણે ઉત્તમ, જાળવી રાખીએ તો મધ્યમ, ને ખોઇ બેસીએ તો અધમ ગણાઇએ. આ સીધી સાદી ને સાચી વાત છે.

જૈનો મુખ્યપણે વ્યાપારી કોમ છે ને વણિક-વૃત્તિવાળી–વાણીઆગતવાળી હોઇ લાભહાનિનો–નફાટોટાનો હિસાબ બરાબર કરી જાણે છે. આવી વિચક્ષણ વ્યવહારકુશલ કોમ ધર્મ વ્યવહારના લાભ–હાનિનો વિચાર બહુ ઓછો કરે છે તે આશ્ચર્ય જેવું છે; કારણ કે આ જ્ઞાની પુરુષોએ મૂકેલો વારસો આપણે વધારવાનું તો દૂર રહ્યું, પણ બરાબર જાળવી પણ રાખતા નથી, ને ગુમાવી બેસવાને આરે આવી ઊભા છીએ! કારણ કે જૈનોની આટલી કોમમાં તત્ત્વજ્ઞાનનો વિધિપૂર્વક નિયમથી અભ્યાસ કરનારા કેટલા હશે? આંગળીને વેઢે ગણીએ એટલા હોય તો ભલે! અરે! અભ્યાસની વાત તો દૂર રહો, પણ નવતત્ત્વના નામ સુદ્ધાં પણ કેટલા જાણે છે? તેની વિશેષ સમજણ તો દૂર રહો, સામાન્ય સમજણ પણ કેટલાને છે? બહુ જ અલ્પને–મૂળ તત્ત્વજ્ઞાન સંબંધી જ્યાં આવી સ્થિતિ છે ત્યાં પછી તત્ત્વવિહીન નિર્માલ્ય ચર્ચાઓમાંથી નાના પ્રકારના મતભેદો ને ઝઘડાઓ કેમ ન ઉદ્ભવે? અને જ્યાં તત્ત્વજ્ઞાન સંબંધી આવી ઉદાસીનતાવાળી કરુણાજનક સ્થિતિ જ્ઞાનીઓના વારસદારોની છે, ત્યાં પછી તે વારસો વધારવાનું કે જાળવી રાખવાનું કેમ બને? ગુમાવી બેસવાનું જ રહે છે!

ધનની ત્રણ ગતિ કહેવાય છેઃ દાન, ભોગ ને નાશ **'दानं भोगो नाशस्तिस्रो गतयः वित्तस्य।'** તેમ જ્ઞાનરૂપ પારમાર્થિક ધનની પણ એ જ સ્થિતિ છે. કાં તો એનું દાન થાય, ભોગ થાય, નહિં તો નાશ થાય. જ્ઞાનનું દાન પણ પોતે જ્ઞાનનો અભ્યાસી હોય તે જ કરી શકે, તો જ જ્ઞાનનો પ્રવાહ વહેતો રહે. ભોગ રસપૂર્વક તે જ્ઞાનના અધ્યાત્મ રસનો ઉપભોગ કરી યથેચ્છ આનંદ લૂંટવાથી થઇ શકે. તેમ ન થાય તો તેની ત્રીજી ગતિ જ શેષ રહે છે.

મહાતત્ત્વજ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજી**એ મનનીય સુભાષિત કહ્યું છે—"જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્ભુત નિધિનો ઉપભોગ કરો." તેમ આપણે જો જ્ઞાનીનો વારસો સાચવી રાખવો હોય, તો આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમગૌરવ–બહુમાનપૂર્વક તેનો રસાસ્વાદ લેવો જોઇએ. વૈદિક ધર્મવાળા કહે છે કે ઋષિ–ઋણ–સ્વાધ્યાયથી ચૂકાવાય છે; તેમ આપણે પણ ઋષિ–ઋણ જ્ઞાની પુરુષો પ્રત્યેનું ઋણ માત્ર નિરંતર સ્વાધ્યાયથી ચૂકવી શકીએ.

એટલે આપણે જો જ્ઞાની પુરુષોનો વારસો જાળવી રાખવો હોય, તેમણે એકત્ર કરેલા અદ્ભુત જ્ઞાનનિધિનો ઉપભોગ કરવો હોય, ને આપણા પોતાના આત્માનું હિત કરવું હોય–આપણા પોતાનો ઉપકાર કરવો હોય, તો આપણે તેનો નિરંતર અભ્યાસ કરવો જોઇએ, નિયમપૂર્વક સ્વાધ્યાય કરવો જોઈએ, તેનું ચિંતન–મનન પરિશીલન કરવું જોઇએ; તો જ તે અમૂલ્ય વારસો સાચવી શકાશે, તો જ તેની વૃદ્ધિ થઇ શકશે; નહિં તો અવાવરૂ કૂવા જેવી તેની સ્થિતિ થશે, અથવા બંધિયાર ખાબોચીયા જેવા તેના હાલ થશે. અને આપણા પ્રમાદ દોષને લીધે આપણે આપણો જ્ઞાનવારસો ગુમાવી બેસીશું, ને કાળાંતરે અમુક શાસ્ત્ર વિચ્છેદ ગયું એમ કહી માથે હાથ દેવાનો વખત આવશે. પણ તે વિચ્છેદ ગયું કે જશે તે માત્ર આપણી પ્રમાદશીલતાને આભારી છે, આપણી ઉદાસીન ઉપેક્ષા વૃત્તિરૂપ અકર્મણ્યતાને આભારી છે, આપણી અકૃતજ્ઞતાને ને કૃતઘ્નતાને આભારી છે, એમ આપણે સખેદ કહેવું પડશે.

કોઇ કહેશે કે આ કાર્યની હાલના જમાનામાં કોઇને ફુરસદ નથી કે નવરાશ નથી. તેને આપણે જવાબ આપીશું કે મહાનુભાવ, આપ કહો છો તે બરાબર છે. આ ધાંધલીયા વખતમાં એવો અવકાશ બહુ ઓછો મળે છે પણ તમને ફુરસદ નથી કે દાનત નથી એ તમારા અંતરઆત્માને પૂછી જુઓ, શું તમને આઠ કલાક ઉંઘવાની ફુરસદ નથી મળતી? શું તમને હાલના જમાનાનું પ્રાતઃસ્મરણીય (!) છાપું વાંચવાની ફુરસદ નથી મળતી? શું તમને નાટક–સીનેમા જોવા માટેની, ક્રિકેટ વગેરે તમાશા જોવા માટેની ને તેની ટિકેટ માટે તડકામાં ઊર્ધ્વજાનુ ખડે પગે ઊભા રહેવાની ફુરસદ નથી મળતી? સંસાર વ્યવહાર–વ્યાપાર વગેરે સંબંધી સમસ્ત કામ કરવાની ફુરસદ નથી મળતી? ગામગપાટા ને ગપ્પાં હાંકવાની ને હાહાહીહી કરવાની ફુરસદ નથી મળતી? પ્રેમલા–પ્રેમલીના ગાયન ગાવાની કે નમાલા નોવેલો વગેરે છાસબાકળા સાહિત્ય વાંચી બે ઘડી મોજ મેળવવાની ફુરસદ નથી મળતી? તમે પાકા વાણીઆ છો તો ચોવીશ કલાકનો અને સાઠ ઘડીનો હિસાબ કરી જુઓ! આખો દિવસ આ શરીરની–આ વગર ભાડાની કોટડીની વેઠ કર્યા કરો છો! પણ આ શરીર યંત્ર પણ જેને લઇને પોતાનું કામ કરી રહ્યું છે, આ મન પણ જેની પ્રેરણાથી દોડધામ કરી રહ્યું છે, તે આ દેહ–દેવળમાં બિરાજમાન આરાધ્ય દેવ એવા આત્માને–ભગવાન ચૈતન્ય મૂર્તિને સંભારતા પણ નથી? તેની પૂજા–અર્ચા કરવાની તસ્દી કાં લેતા નથી? તેના હિતની–કલ્યાણની–વાર્તા તમને કેમ કડવી લાગે છે? માટે આપ ફુરસદ નથી એમ કહો છો તે વાત સદંતર ખોટી છે, દાનત નથી એમ કહો તે વધારે યુક્ત ને પ્રમાણિક છે.

માટે જેને મન જ્ઞાની પુરુષના વચનામૃતનું બહુમાન છે, ગૌરવ છે, તે પ્રત્યેક આત્મહિતાર્થીએ તો ગમે ત્યાંથી પણ અવકાશ મેળવી ફુરસદને ફોસલાવી ઓછામાં ઓછી એક–બે ઘડી પણ જ્ઞાનીની વાણીની યથાશક્તિ આરાધના–ઉપાસના અવશ્ય કરવી જ જોઇએ, ને તે તેમજ કરે એમાં કાંઇ આશ્ચર્ય નથી.

આમ આપણે આ મહાતત્ત્વજ્ઞાનીની ને એમના ચિરંજીવ સાહિત્યની પુણ્યસ્મૃતિ જાળવી રાખવી હોય, ને આપણા પોતાના ઉપકારાર્થે તેનો યથેચ્છ આત્મલાભ લઇ આનંદ લૂંટવો હોય, તો આપણે તેમના વચનામૃતોની નિરંતર સ્વાધ્યાયરૂપ આરાધના–ઉપાસના કરવી ઘટે છે. તેમજ તે તે સાહિત્યનું શુદ્ધ પ્રકાશના કરી, તેનો બહોળે હાથે પ્રચાર કરવો, પ્રભાવના કરવી ઘટે છે. આપણે હજારો–લાખો રૂપીઆ લગ્નપ્રસંગોમાં, મેળાવડાઓમાં, કીર્તિદાનોમાં, ખોટી વાહવાહોમાં, મોટી જાહેરાતોમાં ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય સાંસારિક અલ્પજીવી કાર્યોમાં ખર્ચી નાખીએ છીએ. પણ જ્ઞાનીઓએ નિષ્કારણ કરુણાથી આપણા માટે એકત્ર કરેલ ચિરંજીવ જ્ઞાનનિધિ જાળવી રાખવાને આપણે શું કરીએ છીએ? આપણે એની શી પ્રભાવના કરીએ છીએ? હા, આપણે પતાસાં કે શ્રીફળની પ્રભાવના–અજ્ઞાન નિરક્ષર લોકો ઉચ્ચારે છે તેમ પર–ભાવના જરૂર કરીએ છીએ. પણ તેને બદલે જ્ઞાનગ્રંથોની પ્રભાવના કરવાનું કે કરાવવાનું કેમ કોઈને–ગૃહસ્થને કે સાધુને–સૂઝતું નથી? આપણે તપ વગેરેના ઉદ્યાપનોમાં, ઉજમણાઓમાં પણ લગ્ન-પ્રસંગની લૌકિક રીતનું અનુકરણ કરી, આપણું નામ કોતરાવી પિત્તળના ભાજનોની લ્હાણી કરીએ છીએ, પણ જ્ઞાનીઓના વચનામૃતરૂપ 'સુવર્ણ ભાજનો'ની લ્હાણી કાં કરતાં નથી? આપણી લૌકિક મોટાઈ માટે કીર્તિદાનો વગેરેમાં બહુ ઉદાર થઈ જઈએ છીએ, પણ સદ્વિદ્યાના પ્રચારમાં કૃપણ થઈ જઈ આપણો હાથ કાં સંકોચાઈ જાય છે?

માટે તાત્પર્ય કે આપણે જો પરમ ઉપકારી જ્ઞાનીઓનો અદ્ભુત જ્ઞાનનિધાન જાળવી રાખવો હોય ને વધારવો હોય, તથા તેનો આપણા પોતાના ઉપકારાર્થે કે જગતના કલ્યાણાર્થે આત્મહિતકારી સદુપયોગ કરવો હોય, તો આપણે તેની પરમ ઉદાર પ્રભાવના કરવી જોઈએ. અને તે મુખ્યપણે બે રીતે થઈ શકે—(૧) એક તો નિરંતર નિયમપૂર્વક સ્વાધ્યાયથી–અખંડ જ્ઞાનયજ્ઞથી આપણે તે જ્ઞાનીના વચનામૃતોની આપણા પોતાના આત્મામાં પ્રભાવના—પ્રકૃષ્ટ ભાવના કરવી જોઈએ, તેના ભાવ–રસ રંગથી આપણો આત્મા અસ્થિમજ્જા પર્યંત રંગાઈ જવો જોઈએ. શ્રી. યશોવિજયજીના અમર શબ્દોમાં કહીએ તો—

"શ્રી અનંત જિન શું કરો, સાહેલડીઆં.
ચોળ મજીઠનો રંગ, રે ગુણ વેલડીઆં.
સાચો રંગ તે ધર્મનો, સાહે.
બીજો રંગ પતંગ–ગુણ.
ધર્મ રંગ જીરણ નહિં, સાહે. દેહ તે જીરણ થાય, ગુણ૦
સોનું તે વિણસે નહિં, સાહે. ઘાટ ઘડામણ જાય, ગુણ૦
ત્રાંબું જે રસ વેધિયું, સાહે. હોય તે જાત્યું હેમ, ગુણ૦
ફરી ત્રાંબું તે નવિ હુએ સાહે. તિમ મુજ
જગગુરૂ પ્રેમ, ગુણ૦

(૨) અને બીજું તે પરમ જ્ઞાનનિધાનની જગત્માં બહોળે હાથે પ્રભાવના કરવી જોઈએ. આ બાહ્ય પ્રભાવના પણ જો આપણે આપણા આત્મામાં પ્રકૃષ્ટ ભાવનારૂપ પ્રભાવના કરી હશે તો જ થઈ શકશે. આ જ્ઞાનભંડારની પ્રકાશના–પ્રભાવનામાં જ્ઞાન-પ્રકાશક સંસ્થાઓ પોતાનો મહત્વનો ફાળો આપી શકે,–જો તેઓ નિર્મલ નિર્દંભ નિઃસ્વાર્થ દૃષ્ટિએ કેવલ પરમાર્થ પ્રચારની શુદ્ધ ભાવનાથી આ કાર્ય કરી જૈન–જૈનેતર જનતામાં સસ્તા અને સારા સાહિત્યનો પ્રચાર કરે તો. આવી પ્રભાવના–પરમ ઉદાર પ્રચારણા કરવા માટે શ્રીમંતોએ અને ધીમંતોએ પૂર્ણ સહકાર સાધવો જોઈએ. આ જ્ઞાનભંડારની બહુમાન–ગૌરવપૂર્વક સર્વાંગ સુંદર પ્રસિદ્ધિ અર્થે શ્રીમંતોએ પોતાનો ધન–ભંડાર ખુલ્લો મૂકી દેવો જોઈએ. આ પુણ્ય કાર્ય માટે વિવેકપૂર્વક લાખો–કરોડો રૂપીઆ ન્યોચ્છાવર કરવા માટે શ્રીમંતોમાં પડાપડી થવી જોઈએ. અને સેંકડો વિદ્વાન ધીમંતોએ આના અભ્યાસમાં જીવન સમર્પણ કરી, બદ્ધકક્ષ થઈને–ભેટ બાંધીને આ જ્ઞાનભંડાર પોતાની પ્રજ્ઞારૂપ ચાવીથી ખોલી, તેમાંથી ગ્રંથરત્નો સંશોધીને જગત્ને ભેટ ધરવા જોઈએ. અને આ ધીમંતો–વિદ્વાનો તે જીવનકાર્ય નિરાકુલપણે કરી શકે, તે માટે શ્રીમંતોએ પરમાદરથી–પરમ ભક્તિથી તે તે વિદ્વાનોની સમસ્ત સગવડો સાચવવી જોઈએ ને આજીવિકા આદિ અંગેની બધી જોગવાઈ પરમ ઉદારતાથી કરી આપવી જોઈએ. આમ આવા પુણ્ય કાર્યમાં જ્યારે શ્રીમંતો–ધીમંતનો ઉત્તમ સહકાર જામશે, જ્યારે ધીમંતોની જ્ઞાન–ગંગા શ્રીમંતોની ધન–યમુના સાથે ભળી સરસ્વતીનો સંગમ સાધશે ત્યારે તે ત્રિવેણી સંગમમાં નિમજ્જન કરી જગત્ પાવન બનશે. ત્યારે જગત્માં જ્ઞાનીની વાણીનો જયજયકાર થશે, ત્યારે શ્રીમાન્ **યશોવિજય** જેવા સાચા વાચસ્પતિઓના યશો–વિજયનો જગત્માં ડંકો વાગશે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઈ વખતે ન થઈ

( સન્માર્ગઇચ્છક )

" સર્વ જીવોને કામભોગાદિ બન્ધની કથા સાંભળવામાં આવી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવેલી છે તેથી તે સુલભ છે, પરંતુ શરીરાદિથી ભિન્ન એવા આત્માની એકતા સાંભળવામાં આવી નથી, પરિચયમાં આવી નથી અને અનુભવમાં આવી નથી તેથી તે સુલભ નથી. અર્થાત્ ભેદ પરિજ્ઞાન–આત્મસ્વરૂપની પ્રાપ્તિ કોઇ વખતે જીવને ન થઇ. "

" આ અનંત સંસારમાં સજીવ અને નિર્જીવ બધા પદાર્થો મેં જાણ્યા અને જોયા પણ કેવળ મારું પોતાનું શુદ્ધ સ્વરૂપ કોઇ પણ વખત મેં જાણ્યું કે જોયું નથી. સંસારમાં બધા ય ભવસ્થ જીવો શરીર અને આત્માની અભેદ વાસનાથી વાસિત જ છે. સમ્યગ્દષ્ટિ–ભેદજ્ઞાની કોઇક જ હોય છે. "

આ વિશ્વમાં આત્મજ્ઞાનની રૂચિ ઉત્પન્ન કરાવનારાં મનુષ્યો મળવા દુર્લભ છે, તેમજ આત્મસ્વરૂપને પ્રતિપાદન કરનારા શાસ્ત્રોની પ્રાપ્તિ થવી તે પણ દુર્લભ છે. આત્મ જ્ઞાનવાળા જીવોનો સમાગમ થવો તે પણ મુસ્કેલ છે. આત્માનો ઉપદેશ કરનારા ગુરુની પ્રાપ્તિ થવી તેનાથી પણ દુર્લભ છે. તેનાથી પણ ચિંતામણિની માફક ભેદજ્ઞાનની પ્રાપ્તિ થવી તે વિશેષ દુર્લભ છે. તપ કરનારા તપસ્વીઓ મળી આવવા સુલભ છે, શાસ્ત્રો ભણેલા પંડિતો પણ મળી આવવા સુલભ છે, પણ તેઓની અંદર ભેદજ્ઞાનની પ્રાપ્તિ કરનારા કોઇક જ હોય છે.

ઉત્તમોત્તમ રત્ન, હીરા, માણેક, મોતી, સોનું, રૂપું, ઔષધીઓ, રસાયણો, વસ્ત્રો, પુરુષો, સ્ત્રીઓ, હાથી, ઘોડાઓ, સુંદર પક્ષીઓ અને જળચર પ્રાણીઓ ઇત્યાદિ સજીવ અને નિર્જીવ પદાર્થોના નામ, ઉત્પત્તિના સ્થાન વગેરે નિર્મળ બુદ્ધિ અને અનુકૂળ સંયોગોને લઇને ઘણે ભાગે મેં જાણ્યા છે અને જોયા છે પણ ખેદની વાત એ છે કે મેં મારું પોતાનું શુદ્ધ ચિદ્રૂપ કોઇ વખત જાણ્યું કે જોયું નથી. મેં પહેલાં કોઇ વખત જેની ચિંતા કે વિચાર સરખો પણ કર્યો નથી તે વસ્તુ મને કોઇ પણ વખત મળી નથી.

મોહના ઉદયને લઇને મારા શુદ્ધ આત્માનું ચિંતન મેં કોઇ વખત કર્યું ન હોવાથી તે મને પ્રાપ્ત થયું નથી.

મેં અનેક વાર જીવન ધારણ કર્યાં છે પણ કોઇ જીવનમાં ' હું શુદ્ધ આત્મસ્વરૂપ છું ' એવું શુદ્ધ આત્માનું ચિંતન મેં કર્યું નથી, દુર્લભ કલ્પવૃક્ષો, નિધાનો, ચિંતામણિ રત્નો અને કામધેનુ ઇત્યાદિ પદાર્થો આ અનંત સંસારમાં અનંત વાર મેળવ્યા પણ શુદ્ધ આત્માની સંપત્તિ કોઇ વખત મેળવી નહિ, ત્રિકાળ દ્રવ્ય તરફ દૃષ્ટિ એક ક્ષણ વાર પણ મેં કરી નહિ અને તેથી સંસારસાગર પાર પામ્યો નહિ.

આજ સુધીમાં અનંત પદ્ગલપરાવર્તન જેવા ગહન કાળનો અનુભવ મેં લીધો, પણ તેવા કોઈ પુદ્ગલપરાવર્તનમાં એકાદ વખત પણ મારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ મને ન મળ્યો. દેવો અને વિદ્યાધરોના સ્વામીત્વનું પદ અનંત વાર મેં મેળવ્યું પણ કેવળ મારા પોતાના સ્વરૂપને હું પામી ન શક્યો.

ચાર ગતિની અંદર અનેક વાર મેં મારા શત્રુઓ ઉપર વિજય મેળવ્યો પણ મારા સદાના વિરોધી મોહશત્રુ ઉપર આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે વિજય મેળવવા પ્રયત્ન ન કર્યો.

મેં અનેક શાસ્ત્રો ભણ્યા અને સાંભળ્યા પણ તેની અંદર મારા શુદ્ધ સ્વરૂપને જાગૃત કરે તેવું એક પણ શાસ્ત્ર હું ભણ્યો નહિ કે સાંભળ્યું પણ નહિ. મેં અનંત વાર જિનદીક્ષા આચાર્યપણું ધારણ કર્યું. શૌચ, સંયમ, શીયલ અને દુષ્કર તપશ્ચર્યા ઇત્યાદિ મેં અનેક વાર કર્યાં પણ તે શુદ્ધ આત્માના લક્ષ વિના ધામિષ્ટ ગણાવાને માટે જ કર્યાં.

વિદ્વાનોની મોટી સભાઓમાં હું બેઠો ત્યાં પણ મારી ભ્રમણાને લીધે શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્ન ન કર્યો, નય-નિક્ષેપાની અનેક છટકબારીને મેં જાણી પણ એક શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્તિરૂપ સાચા નયને હું ન પામ્યો. મનુષ્યજીવન, આર્ય દેશ, ઉત્તમ કુલ અને પ્રથમ સંહનન ઇત્યાદિ અનેક વાર હું પામ્યો પણ ઉપાદાનની જાગૃતિ વિના આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઇ વખત ન થઇ.

એકેન્દ્રિયાદિ જીવોમાં તે તે જાતના અનેક શરીરો ધારણ કર્યાં, પણ અજ્ઞાનપણામાં મારા શુદ્ધ આત્માનો અનુભવ મેં ન કર્યો. લોકોના વ્યવહાર, રાજાઓની નીતિ, સંબંધીઓના સગપણ, દેવોનો આચાર, સ્ત્રીઓના સદાચાર અને સાધુઓની સમગ્ર ક્રિયાઓ એ બધુ હું સમજ્યો ને આદરી, ક્ષેત્રના સ્વભાવો જાણ્યા, કાળની અકળ ગતિમાં પણ પ્રવેશ કરવા માથું માર્યું પણ તીવ્ર મોહના ઉદયને લઇ 'હું જ્ઞાનસ્વરૂપ છું' આવો દઢ નિશ્ચય પહેલા મને કોઇવાર ન થયો. અરે! શિયાળાના દિવસોમાં નદીને કિનારે વસ્ત્રો વિના રહ્યો, ગ્રીષ્મઋતુમાં પહાડી પ્રદેશોના પ્રખર તાપમાં ફર્યો અને વર્ષાઋતુમાં અનેકવાર વૃક્ષોની નીચે રહ્યો પણ મારા શુદ્ધ સ્વરૂપમાં હું કોઇપણ વખત ન રહ્યો.

સ્વર્ગાદિની ઇચ્છાથી સ્વસ્વરૂપને જાણ્યા વિના મેં અનંત કષ્ટો ઉઠાવ્યા; વિવિધ પ્રકારે કાયક્લેશ સહન કર્યાં, શાસ્ત્રો ભણવા પાછળ મહેનત કરવામાં પણ મેં કચાશ ન રાખી, પણ આત્મજાગૃતિ વિના ખારી જમીનમાં બીજ વાવવાની માફક મારો સર્વ પ્રયાસ નિષ્ફળ ગયો. આત્મજાગૃતિ કરાવનાર શાસ્ત્ર કે સતક્રિયાની પ્રાપ્તિ મને ન થઇ. વિશ્વમાં પર્યટન કરતાં અનેક ગુરુઓ કર્યા અને મેળવ્યા પણ શુદ્ધ આત્મસ્વરૂપને બતાવનાર, કહેનાર કે જગાડનાર ગુરુની પ્રાપ્તિ મને કોઇ વખત ન થઇ. અને તેવા સદ્‌ગુરુ વિના શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ ક્યાંથી થાય?

સચેતન અને અચેતન શુભ દ્રવ્યોમાં અનેક વાર મેં પ્રીતિ ધારણ કરી પણ પ્રબળ મોહના ઉદયને લીધે જ્ઞાનસ્વરૂપ આત્મામાં પ્રીતિ મેં ન કરી, દુષ્કરમાં દુષ્કર શુભાશુભ અનેક કર્મો મેં અનંત વાર કર્યાં પણ શુદ્ધ આત્માનું ચિંતન કરવાનો વખત મને ન મળ્યો.

પ્રભુની કૃપા થઇ, મોહનો ઉદય મંદ પડ્યો, સદ્‌ગુરુનો સમાગમ થયો, આત્મજાગૃતિનો પ્રકાશ પડ્યો, અજ્ઞાન અંધકાર ગયો, સત્શાસ્ત્રોનું શ્રવણ કર્યું. હવે મને શુદ્ધ આત્મા તરફ પ્રીતિ થઇ તેને લઇને મન ઇચ્છા વિનાનું થયું. હવે પ્રથમના આસક્તિવાળા સ્થાનો અને પાત્રો મને હળાહળ ઝેર જેવા લાગે છે. આત્મજ્ઞાની મનુષ્યોની સોબત ગમે છે. આત્મજાગૃતિ કરાવનારાં શાસ્ત્રો સારાં લાગે છે. મન પણ વિવિધ ઇચ્છાથી મુકાણું હોવાથી વિકલ્પો વિનાનું રહે છે તેથી હવે શુદ્ધ આત્માના ચિંતનમાં હું કચાશ નહિ રાખું. આત્મજાગૃતિ થવી તે જ ધર્મની યુવાવસ્થાનો કાળ મારા માટે છે.

જે મહાન પુરૂષો ભૂતકાળમાં મોક્ષે ગયા છે, વર્તમાનકાળમાં મોક્ષે જાય છે અને ભવિષ્યકાળમાં મોક્ષે જશે તે સર્વે પોતાના શુદ્ધ ચિદ્રૂપમાં મનને નિશ્ચળ કરીને જ ગયા છે તેમાં જરા પણ સંશય નથી. આનો અભ્યાસ મારે કર્ત્તવ્ય છે.

# સ્વીકાર—સમાલોચના

૧. **श्रीद्वाषष्टिमार्गणा संग्रह**—રચયિતા મુનિ શ્રીવિશાલવિજયજી, પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા—ભાવનગર. કિં. રૂા. ૩-૦-૦ પુસ્તકમાં શ્રી જૈન ધર્મ સંબંધી અપૂર્વ જ્ઞાનનાં વિષયો છે, જે સાધુ તેમજ શ્રાવકને વાંચન મનન કરવા યોગ્ય છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળ્યો છે.

૨. **ભગવાન ઋષભદેવઃ**—લેખક જયભિખ્ખુ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર. કિં. રૂા. ૪-૮-૦ જેમાં પહેલા તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવજીનું જીવનચરિત્ર નોવેલ રૂપે આલેખવામાં આવ્યું છે. જૈન સમાજમાં આદરણીય થાય તેમ ઇચ્છીએ છીએ. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

૩ **શંખેશ્વર સ્તવનાવલીઃ**—સંગ્રાહક મુનિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ શ્રી વિશાળવિજયજી, પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર. કિં. ૦-૮-૦ જેમાં શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિઓ, સ્તવનોનો સંગ્રહ છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

૪. **ચર્ચર્યાદિ ગ્રંથ સંગ્રહ:**—અનુવાદક:—આચાર્ય શ્રી જિનહરિસાગરસૂરિ, પ્રકાશક શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર—સુરત.પુસ્તક જિયાગંજનિવાસી ધર્મપ્રેમી શ્રીમાન્ બાબુ ગોવીંદચંદજી ભૂરા કલકતાવાળાની આર્થિક સહાયવડે પ્રગટ કરવામાં આવ્યું છે. મુમુક્ષુઓને ભેટ આપવામાં આવે છે.

૫. **ધર્મની દિશા ખંડ ૧–૨.** સંપાદક પૂજ્ય મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ જેમાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. પ્રકાશક શાહ ગુલાબચંદ ગફૂલભાઇ બ્યા. આ. શ્રી વિજયદાનસૂરિ સ્મારક ટ્રસ્ટ, નવી બારદાનગલી, માંડવી મુંબઇ. ૩ પ્રાપ્તિસ્થાન. સોમચંદ ડી. શાહ—પાલીતાણા. સભાને પ્રકાશક તરફથી ભેટ મળેલ છે.

૬. **માનવ જીવન**—વિદ્વાન મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજે માનવ જીવન પર જાહેર વ્યાખ્યાન આપેલ તે શ્રી ખાખરેચીનિવાસી શેઠ શ્રી છોટાલાલ દેવશીની સહાયથી છપાવી સદ્દગૃહસ્થોને વાચન–મનન માટે ભેટ આપવામાં આવે છે. પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન શાહ મોતીચંદ દીપચંદ, તંત્રી શ્રી શાસન સુધાકર, વાયા તળાજા, મુ. ઠળીયા ( કાઠીયાવાડ.)

૭. **જૈન બાલ ગ્રંથાવલી શ્રેણી બીજી**—શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ કિં. રૂા. ૩–૦–૦ સભાને ભેટ મળેલ છે

૮. **શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ પ્રથમ ભાગ**—સંપાદક મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી, પ્રકાશક શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા સુરત, પ્રાપ્તિસ્થાન શ્રી શાંતિભુવન, આણંદા બાવાનો ચકલો, જામનગર. સભાને પ્રકાશક તરફથી ભેટ મળી છે.

# વર્તમાન સમાચાર

## જ્ઞાનપંચમી ઉદ્યાપન મહોત્સવ

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ શેઠ શ્રી રમણિકલાલભાઈ ભોગીલાલભાઇ મીલવાળાના ધર્મપત્ની શ્રી **મધુકાન્તા** બ્હેને **કરેલ** જ્ઞાનપંચમી આરાધનનો ઉદ્યાપન મહોત્સવ તેઓશ્રીના બંગલે સુશોભિત મંડપ નાંખી તેમાં શ્રી અજિતનાથ પ્રભુને બિરાજમાન કરી ઉદ્યાપનની વિવિધ જ્ઞાનના ઉપકરણોની સામગ્રી પધરાવવા સાથે આઠ દિવસ સુધી વિવિધ રાગરાગણીથી પૂજા ભણાવવામાં આવી હતી. છેલ્લે દિવસે માહ વદી ૧૧ ના રોજ વિધિવિધાન સહિત શાંતિસ્નાત્ર ભકિતપૂર્વક ભણાવવામાં આવ્યું હતું. ભાવનગરના શ્રી ચતુર્વિધ સંધ અને અમલદાર વર્ગ અને જૈન આગેવાનોએ દર્શનનો લાભ લીધો હતો.

### પંજાબના સમાચાર.

આચાર્યવર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની શિષ્યપ્રશિષ્યાદિ મુનિ મંડળી સહિત અમૃતસરથી વિહાર કરી પટ્ટી પધાર્યા હતા. પોષ સુદિ છઠે વિહાર કરી ભૃગુપુર, કરતીલા, હરિકે, મંખુ આદિ થઇ પોષ સુદિ અગીઆરસે જીરા પધાર્યા હતા. પંજાબની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઇ તેમજ દેશ–દેશાન્તરોના શ્રી સંઘની વિનંતીઓને માન આપી અને પંજાબના કેટલાક સદ્દગૃહસ્થોની સલાહથી આચાર્યશ્રીજી બીકાનેર તરફ પધારતા હોવાથી પંજાબના ભાવિકો દર્શનાર્થે આવતા હતા.

જીરામાં લુધીયાનાની બન્ને પાર્ટીઓના આગેવાનો દર્શનાર્થે આવતા પોતપોતાની હઠ છોડી દઇને એક બીજાને ભેટી પડયા હતા. શ્રી સંઘની એક કમીટી કાયમ કરી ઐક્યતાનું કરારનામું લખતાં ઉપર સહીઓ થતાં જયજયકાર વર્તાઇ ગયો હતો.

આચાર્યશ્રીજી રીટોલ, તલવંડી, મુદકી આદિ થઇ પોષ વદી છઠે ફરિદકોટ પધાર્યા, આચાર્યજી આદિ પોષ વદ આઠમે ફરિદકોટથી વિહાર કરી ચૌદશે ભટીંડા પધાર્યા. દરેક સ્થળે આચાર્યશ્રી મહારાજનું ભાવભીનું સન્માન થઈ રહ્યું હતું અને તેઓશ્રીના ઉપદેશથી દરેક સ્થળે જૈનોને પારાવાર આનંદ થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. શુમારે છશેંહ પાનાનો ગ્રંથ, કપડાનું પાકું બાઇન્ડીંગ, સુંદર સચિત્ર કવર જેકેટ સાથે કિંમત રૂા. ૧૨-૮-૦ પોસ્ટેજ અલગ.

---

તૈયાર છે. જલદી મંગાવો તૈયાર છે.

## દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

### સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દશ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

---

## " નૂતન સાહિત્ય પ્રકાશન "

### ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર.

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. ગ્રંથ છપાય છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે ગુજરાતી સારા અક્ષરોથી છપાય છે. આર્થિક સહાય શેઠશ્રી ચંદુલાલ ટી. શાહ ( ડેપ્યુટી મેનેજર, ક્રાઉન લાઇફ કંપની ) તરફથી પોતાના પૂજ્ય સ્વર્ગવાસી પિતા શ્રીયુત ત્રિભુવનદાસ મંગલજી શાહના સ્મરણાર્થે સભાને મળેલી છે.

---

૨ કથારત્નકોષ ગ્રંથ—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે, જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતી ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ-સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાય છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા. ૮-૮-૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર–સરલ–વિવિધ રંગોના સુંદર ચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપ, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે, પાકા બાઇન્ડીંગથી અલંકૃત થયેલ છે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના દરેક ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્‌ભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. કીંમત રૂા. ૭–૮–૦ ( પોસ્ટેજ જુદું )

---

### નવા થનારા સભાસદોને નમ્ર સુચના.

ફાગણ વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) એકસો એક આપી **નવા થનાર** પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને, તેમજ હાલ **બીજા વર્ગમાં જે લાઇફ મેમ્બરો છે તે બંધુઓ ઉપરની મુદત સુધીમાં રૂા. ૫૦) વધારે આપી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો થશે** તેમને શ્રી વસુદેવહિંડી તથા શ્રી શાંતિનાથ ચરિત્ર રૂા. વીશની કિંમતના બંને ગ્રંથો ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે, અને તે પછી છપાતાં દરેક સભાના ગ્રંથો પોસ્ટેજ પૂરતાં વી. પી. થી ભેટ મળશે. પણ ફાગણ માસ પછી બીજા વર્ગમાંથી પહેલાં વર્ગમાં દાખલ કરવામાં આવશે નહિ—

જેથી તેઓએ ધારા પ્રમાણે મંગાવી લેવા નહિ તો મુદત વિતે સભા આપને તે ગ્રંથો આપી શકશે નહિ વિચારીને જરૂર ત્યાં સુધીમાં મંગાવી લેવા નમ્ર સુચના છે.

---

## અમારૂં સાહિત્ય પ્રકાશન.

૧. શ્રી કથારત્નકોશ. ૨. શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ૩. સતી દમયંતી ચરિત્ર.

( છપાય છે. )

---

## અમારૂં નવું પ્રકાશન.

### ૪ શ્રી દ્વાદશાર નયચક્રસાર–ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

( યોજનામાં )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદીપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજી**ના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબુવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

૫ શ્રી **શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર.** ૬ શ્રી **સુમતિનાથ પ્રભુ ચરિત્ર** ભાષાંતરો થાય છે. નં. ૧–૫–૬ માં આર્થિક સહાયની અપેક્ષા છે

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only